# પ્રકરણ–૪ પરિણય

(૧) પરિણય : અર્થ અને વિભાવના

(૨) પરિણય : શાસ્ત્રીય દૃષ્ટિએ

(૩) પરિણયનો સામાજિક દૃષ્ટિકોણ

(૪) પરિણયના લાભાલાભ

પાદટીપ

* **ભૂમિકા :–**

કુટુંબ માનવ સમાજનો આધાર છે. આપણા સમાજમાં કુટુંબ એ એક પાયાનો સમૂહ છે. કુટુંબ વગરનો માનવસમાજ સંભવી શકે નહિ. માનવ સમાજનો ઇતિહાસ કુટુંબ આધારિત છે. કુટુંબના સભ્યો વચ્ચેના સંબંધો સહકાર, સહિષ્ણુતા અને સહાનુભૂતિના હોય છે. કુટુંબ શ્રેષ્ઠ કતયારે બને, તેમાં સારા ગુણો કતયારે નિર્માણ પામે તે કુટુંબના દરેક વ્યકિતત ઉપર નિર્ભર છે. શ્રેષ્ઠ કુટુંબ અને સંસ્કારી કુટુંબ નિર્માણ કરવા માટે શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે જીવનવ્યવસ્થા ભી કરવી પડે છે. રામાયણ કાળમાં આવી કુટુંબ વ્યવસ્થા નિર્માણ થયેલી હતી.

ભારતીય સંસ્કૃતી આદર્શતાને વરેલી છે. ભારતીય લોકોના જીવનમાં આવા શ્રેષ્ઠ પ્રકારના ગુણોનો વિકાસ થયેલો હતો. દરેક લોકો સંસ્કારી અને પ્રગતિશીલ હતા. સમાજવ્યવસ્થા સારી રીતે ચાલતી હતી. દરેક લોકોના જીવન સ્વસ્થ અને તંદુરસ્ત હતા. લોકો રીતિ પદ્ધતિ પ્રમાણે જીવન જીવતા હતા. લોકોનું જીવન સ્વચ્છ અને આકર્ષક હતું. દરેક લોકો ધાર્મિક પ્રવૃતિઓ સાથે જોડાયેલા હતા. દરેક લોકોને ઇ રમાં આસ્થા હતી. સમાજમાં દરેક લોકો હળીમળીને રહેતા હતા અને સમાજમાં દરેક કાર્યમાં સક્રીય રહીને ભાગ લેતા હતા.

ભારતીય સંસ્કૃતીના બે આધારસ્તંભ રૂપ મહાન ગ્રંથો રામાયણ અને મહાભારત છે. તેમાં બતાવેલી આદર્શ કુટુંબ વ્યવસ્થા ભારતીય સમાજમાં સાકારિત થયેલી જોવા મળતી હતી. લોકો પોતાની રીતે સમાજમાં સક્રિય રહેતા હતા અને શ્રેષ્ઠ સમાજ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા નિર્માણ કરવામાં ફાળો આપતા હતા. લોકોના જીવન જ એટલાં સુસંસ્કૃત હતા કે દરેક કુટુંબો આદર્શ જ જોવા મળતા હતા. કુટુંબો–કુટુંબો વચ્ચે ભાઇચારો અને પ્રેમ જોવા મળતા હતા. પ્રત્યેક કુટુંબમાં સંધ્યા, પૂજા, આરતી, કુટુંબ પ્રાર્થના અને શ્રેષ્ઠ ગુણો જીવનમાં ખીલે તે માટે પ્રયત્નો થતા હતા.

પ્રાચીન કાળમાં લોકો સુસંસ્કૃત હતા. તેનું મુખ્ય કારણ છે તે કાળની શ્રેષ્ઠ સમાજ વ્યવસ્થા પ્રાચીનકાળમાં શ્રેષ્ઠ સમાજ વ્યવસ્થા નિર્માણ થયેલી હતી એટલાં માટે કુટુંબો પણ સંસ્કારી જોવા મળતા હતા. કુટુંબોમાં આદર્શ દામ્પત્ય જીવન જોવા મળતા હતા. પરિવારમાં માતા–પિતા, ભાઇ–બહેન, પતિ–પત્ની વગેરે લોકો વચ્ચ. ગાઢ સબંધ જોવા મળતા હતા. શાસ્ત્રીય વિધિ પ્રમાણે દરેક ક્રિયાઓ થતી હતી. તેમા લગ્ન સંસ્થા મુખ્ય હતી. પરિવારમાં લગ્ન જ્ઞાતિઓ પ્રમાણે અને નીતિ નિયમો પ્રમાણે થતા હતા એટલાં માટે પ્રાચીન કાળની લગ્ન પ્રથા આદર્શ જોવા મળતી હતી.

લગ્ન એક સામાજિક–સાંસ્કૃતિક સંસ્થા તરીકે સાર્વત્રિક હોવા છતાં તેમાં વૈવિધ્ય જોવા મળે છે. લગ્નસંસ્થા સ્ત્રીને સમાજસ્વીકૃત પતિ, પુરુષને સમાજ સ્વીકૃત પત્ની અને બાળકોને સમાજસ્વીકૃત માતા–પિતા પૂરા પાડવાનું કાર્ય કરે છે. શાસ્ત્રીય લગ્ન કુટુંબને તેની સામાજિક ભૂમિકા ભજવવા માટેની

આવશ્યક પરિસ્થિતિ પૂરી પાડે છે. લગ્ન એક આવશ્યક અંગ છે. શાસ્ત્રીય વિવાહ સંબંધના પરિણામે દંપતીમાં એકબીજા પ્રત્યે દઢ ભાવના બંધાય છે. તેઓ એકબીજાના મનોવિકારો અને તરંગો સમજી શકે છે તેમની જીવનનિષ્ઠા પરિપકતવ બને છે. અગવડમાં એકબીજાને સાથ આપી, આવેલી અગવડોનો હિંમતથી સામનો કરવાની તેમની માનસિક પૂર્વતૈયારી થઇ ચૂકી હોય છે. એકબીજા માટે ગમે તેટલું કષ્ટ વેઠી એકબીજાની હૂંફથી તે આવતી અગવડોમાંથી પાર ઉતરે છે.

લગ્ન સમયે પતિ–પત્ની ચાર ફેરા ફરીને અતૂટ બંધનમાં જોડાય છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને અગ્નિને સાક્ષી માનીને લગ્ન સંબંધથી જોડાય છે. શાસ્ત્રીય પદ્ધતિ અનુસારના લગ્ન સમાજમાં માન્ય હતા. લગ્ન એક સંસ્કાર છે અને જીવનમાં તેની ખૂબ જ આવશ્યકતા છે. માણસ હૂંફ અને એકબીજાના સહકારથી જીવે તે માટે લગ્ન સંસ્કાર નિર્માણ પામ્યો. યજ્ઞીય કાર્ય જો કરવું હોય તો તે સંન્યાસી માણસ જ કરી શકે છે, તે વાત યોગ્ય નથી કારણ કે યજ્ઞમાં દંપતિની જરૂર પડે છે અને તે પૂર્ણ ગૃહસ્થી જ કરી શકે છે. ધાર્મિક કાર્ય ગૃહસ્થીને કરવામાં ઘણીબધી અડચણો પણ આવે છે, દાનધર્મ, કુટુંબની જવાબદારી, સામાજિક વ્યવહારો વગેરે. માણસને સાચો પ્રેમ, હૂંફ અને આ ાસન ફકતત પત્ની જ આપી શકે છે. તે ગમે તે પરિસ્થિતિમાં પતિની સાથે ભી રહે છે. એટલા માટે લગ્ન સંસ્કાર આવશ્યક છે.

લગ્ન એક પવિત્ર બંધન છે અને બે આત્માનું મિલન છે. લગ્નમાં પતિ–પત્ની વચ્ચે ફકતત ભોગ કે જાતીય તૃપ્તિ નહિં પરંતુ જીવનભરનો નિઃસ્વાર્થ સાથ અને પ્રેમ છે. લગ્ન દ્વારા મનુષ્યના જીવનમાં ઘણું પરિવર્તન આવે છે. માનવી સામાજિક પ્રાણી છે તે એકલો રહી શકતો નથી, તેને બીજાના સાથ–સહકારની જરૂર પડે છે. એટલાં માટે જીવનમાં લગ્નની આવશ્યકતા છે.

## ૧. પરિણય : અર્થ અને વિભાવના ::–

પ્રાચીન સમયમાં ભારતમાં આદર્શ કુટુંબ વ્યવસ્થા જોવા મળતી હતી. રામકાલીન ઘર–ઘરમાંથી શાંતિ અને સમાધાનના જ સૂરો નીકળતા જોવા મળતા હતા. તે સમયે પ્રત્યેક કુટુંબ આદર્શ ગૃહસ્થાશ્રમનું પ્રતીક હતું. જાતિભેદ, વર્ગભેદ કે શ્રીમંદ–ગરીબના ભેદ વિના સર્વત્ર કુટુંબમાં આવો જ ગૃહસ્થાશ્રમનો આનંદ હતો. રામાયણકાલીન ગૃહસ્થાશ્રમની આદર્શતાનું કારણ તત્કાલીન પ્રત્યેક વ્યકિતતની પરસ્પર અવ્યભિચારી નિષ્ઠા હતી. અવ્યભિચારી નિષ્ઠા ઓછી થાય તો સુખ થાય. આજની જેમ કેવળ ધન–દૌલત માટે સંબંધ ન હતો. પ્રાચીન કાળમાં વિવાહ સંસ્થાના મૂળભૂત હેતુઓનું પાલન થતું હતું. લોકો વિવાહ સંસ્થાનાં કારણો ઓળખીને એવું વર્તન કરતા હતા. આમ, વિવાહ સંસ્થાના મૂળભૂત હેતુઓનો અભ્યાસ કરીને તેની આવશ્યકતા સામાજિક ઉન્નતિ માટે સ્વીકારવામાં આવી હતી.[૧]

પરિણય એટલે પવિત્ર લગ્ન સંબંધ. પતિ અને પત્ની એકબીજાને પ્રેમભાવથી સ્વીકારતા હતા. સ્ત્રી–પુરુષનો સંબંધ નિસર્ગના નિયમ પ્રમાણે ચાલતો હતો. પુરુષ પૈસો લાવે અને સ્ત્રી ઘરસંસાર ચલાવે. એવો ઘરસંસાર સુખથી ચાલતો હતો. પુરુષના હાથમાં પૈસો હોય તો પૈસાની ગમે તેવી વપરાશ થાય એટલા માટે સ્ત્રીના હાથમાં જ પૈસાની વ્યવસ્થા રાખવામાં આવી હતી. આમ સંસારમાં જો આયોજનદ્ધ વ્યવહાર ચલાવવામાં આવે તો તેવો સંસાર સુખી થાય છે.

લગ્ન એટલે પ્રેમ અને કર્તવ્ય માટે સંસારના રણાંગણમાં સક્રિય  ભા રહેવું તે. લગ્નને સમાજનો આધાર માનવામાં આવતો. પ્રેમ અને કર્તવ્ય માટે સક્રિય  ભા થનારના ઘરમાં જ એકાત્મતા અને પ્રેમના દોરડાથી બંધાઇ ગયેલી વ્યકિતતઓ હોય છે. જ ાં સ્ત્રી સન્માન છે ત્યાં દેવોનો વાસ છે. આજે આપણી કલ્પનાએ લગ્ન એ સુખાવસ્થા છે. પણ વાસ્તવમાં એવું નથી. મોટેભાગે તેમાં દુઃખો જ ભાગમાં આવે છે. એક ભાગનું જ સુખ છે. માટે દુઃખના સમયમાં પરસ્પરનાં આંસુ લૂછવાને કોઇ આત્મીય માણસ જોઇએ તેથી લગ્નની આવશ્યકતા છે.

ગૃહસ્થાશ્રમ એટલે બે વ્યકિતતઓના આત્મિક વિકાસનું સ્થાન. સદ્ગુણ અને સદાચારનું શિક્ષણ લેવાનું સ્થાન. ફકતત  ંઘવા અને જમવા માટે સંસાર કરવાની જરૂર નથી. જીવનમાં દિવ્ય પ્રેરણા પ્રાપ્ત થાય અને સમાજને કંઇક ઉપયોગી થઇએ તે ભાવ રહેલો છે. સંસ્કાર વિના સંસાર શકતય નથી, અને તે વિના જીવનમાં દિવ્યતા આવતી નથી. પ્રાચીન કાળમાં લોકો પોતાના ગૃહસ્થાશ્રમને દિવ્ય અને પવિત્ર બનાવવા માટે સજાગ હતા. તેઓ ફકતત મોજ–મજા અને આનંદ–પ્રમોદ માટે ઘર સંસાર માંડતા ન હતા પરંતુ સમાજમાં દિવ્ય સંદેશ મળે અને પોતાનું જીવન વિકાસશીલ બને તે માટે ગૃહપ્રવેશ કરતા હતા.

પ્રાચીન કાળમાં આદર્શ દામ્પત્ય જીવન જોવું હોય તો તે ભગવાન શ્રીરામ અને સીતાનું હતું. સીતાનું જીવન જ એવું હતુ કે તેને યોગ્ય પતિ મળ્યા. આદર્શ દિવ્ય અને પવિત્ર સંસાર થવો જોઇએ એવી

જેની અભિલાષા હોય તે સ્ત્રી એવો પતિ શોધે છે. જેની સામે આદરભાવથી પોતાનું મસ્તક નમે. સ્ત્રીઓના માનસનો અભ્યાસ કરતા ખબર પડે કે સ્ત્રીઓને એવો પતિ જોઇએ જ્ાં તેમનું મસ્તક આદરથી નમે ડરથી નહિ. જ્ાં એવું જોવા મળે ત્યાં જ સંસાર આદર્શ અને પ્રેમળ બની રહે છે ગમે તેવા પડકારોમાં સંસાર ટકી રહે તે જ દિવ્ય અને આદર્શ દામ્પત્યજીવન છે.[૨]

પરિણય સાચા અર્થમાં શું છે અને તેની પાછળ શું અર્થ રહેલો છે તેનું વર્ણન આપણાં સાહિત્યના સ્મૃતિ ગ્રંથોમાં કરેલ છે. વિવાહ માણસના જીવનનો એક મહત્વનો સંસ્કાર છે, અને તે પૂર્ણ થાય પછી જ મનુષ્ય સંપૂર્ણ ગણાય છે. આપણાં સાહિત્યો યાજ્ઞવલ્કય સ્મૃતિમાં વિવાહ વિશે વિસ્તૃત વિભાજના આપી છે. બ્રહ્મચર્ય વ્રતનો ભંગ નહીં કરીને દ્વિજ, જે સ્ત્રી પ્રથમ અન્ય કોઇ પુરુષને ન આપી હોય અથવા કોઈ દ્વારા ઉપભોગ ન થયેલી હોય એવું સુંદર, અસપિણ્ડ હોય અને ઉંમર તથા શરીરના પ્રમાણથી પોતાનાથી નાની હોય એવી શુભલક્ષણ સમ્પન્ન સ્ત્રી સાથે વિવાહ કરવા જોઇએ.[૩]

બ્રહ્મચર્ય નાશ ન પામ્યુ હોય તેવો દ્વિજ એવી કન્યા સાથે વિવાહ કરે કે જે આંતર અને બાહ્ય લક્ષણ યુકતત હોય. જે કન્યાનું કોઇપણ એક વિકલિત ન હોય, ગજગતિ ચાલવાળી હોય, સૌમ્ય નામવાળી હોય, જેના કેશ, દાંત અને લોમ પ્રમાણમાં નાના હોય તથા તેના અંગ કોમળ હોય તેવી સ્ત્રી સાથે પુરુષે વિવાહ કરવો જોઇએ. આપસ્ભમ્બ ધર્મસૂત્રમાં કહ્યા પ્રમાણે વરના મનને અને નેત્રોને આનંદ આપતી હોય એવી કન્યા સાથે વિવાહ કરવો. પરંતુ ન્યૂનાધિક બાહ્ય અંગરૂપ જે દોષ અન્ય સ્મૃતિઓમાં કહ્યા છે તેવા દોષ જેનામાં ન હોય તેવી કન્યા સાથે પુરુષે વિવાહ કરવો.

મનુસ્મૃતિમાં મનુ ભગવાને પરિણય વિશે વિસ્તાર પૂર્વક કહ્યું છે, – ''જે માતૃપક્ષે સપિંડી ન હોય, તેમજ પિતૃપક્ષે સગોત્રી ન હોય, તે કન્યા દ્વિજવર્ણોને પત્નીનાં ધર્મકાર્યો માટે તેમજ પ્રજોત્પાદન અર્થે ઉત્તમ ગણાય છે.''[૪]

મનુસ્મૃતિમાં મનુમહારાજ આગળ જણાવે છે કે – ''ખોડખાંપણ વગરનાં અંગદાળી, સૌમ્ય નામવાળી, હંસ તથા હાથીનાં જેવી ચાલવાળી, ઝીણાં રુંવાટાવાળી, પાતળા વાળવાળી, નાના દાંતવાળી તથા કોમલાંગી કન્યાને પરણવી.''[૫]

યાજ્ઞવલ્કય સ્મૃતિમાં પણ પરિણય વિશે વિસ્તાર પૂર્વક વિધાન કરવામાં આવ્યું છે. લગ્ન એક આવશ્યક સંસ્કાર છે અને તે સંસ્કાર થયા પછી જ માનવ સંપૂર્ણ ગણાય છે એટલા માટે સમાજમાં આપણાં પૂર્વજોએ લગ્ન સંસ્કારને માન્યતા આપી છે. સમાજ અને કુટુંબથી સમાજ વ્યવસ્થા જળવાઈ રહે છે. એટલાં માટે લગ્નો આવશ્યક છે. સ્મૃતિકારો કહે છે કે કન્યા પોતાનાથી અવસ્થા અને દેહ પરિણામથી નાની હોય તેની સાથે વિધિ પ્રમાણે વિવાહ કરવો.[૬]

લગ્ન એક સંસ્કાર છે. હિંદુ ધર્મશાસ્ત્રોએ લગ્નને માનવજીવનનો એક અત્યંત મહત્ત્યવનો અને

સમાજ પ્રત્યેની ફરજોના પાલન માટેની આવશ્યકતાઓનાં દ્વાર ઉઘાડી આપતો સંસ્કાર કહીને તેનું ગૌરવ વધાર્યું છે. આમ, લગ્ન વિશેની માન્યતાઓ અલગ–અલગ જોવા મળે છે.

* **હેવલોક એલિસ :**

પશ્ચિમના વિદ્વાન હેવલોક એલિસ જણાવે છે કે – "લગ્ન એ બે માણસો વચ્ચેનો એક સંબંધ છે. જે એકબીજા પ્રત્યે યૌન સંવેદના અને સામાજિક સહાનુભૂતિના બંધન દ્વારા આકર્ષિત થાય છે અને જો કોઇ રીતે તે શકતય બને તો તેને અનંત સમય સુધી ટકાવી રાખવાની ઈચ્છા થાય છે."[૭]

* **વેસ્ટર માર્ક :**

પરિણય વિશે ભિન્ન ભિન્ન વિદ્વાનો અલગ અલગ વ્યાખ્યાઓ રજૂ કરે છે. તેઓ પોતાની બુદ્ધિ પ્રતિભા અનુસાર પરિણયના અર્થને સમજાવે છે. દરેક વિદ્વાનો એક મતને તો સ્વીકારે છે કે પરિણય એ માનવજીવનનો આવશ્યક સંસ્કાર છે અને તે દરેક લોકોના જીવનમાં આવશ્યક છે. પશ્ચિમના વિદ્વાન વેસ્ટર માર્ક લગ્ન વિશે કહે છે કે – ''લગ્ન એક કે વધારે પુરુષોનો એક કે વધારે સ્ત્રીઓ સાથેનો સંબંધ છે. જેનો સમાજના રિવાજ અથવા કાયદા દ્વારા માન્ય કરાયેલ પદ્ધતિથી સ્વીકાર થયો હોય છે. આ પ્રકારના સંબંધમાં લગ્ન કરનાર વ્યકિતતઓ તેમના ભાવિ સંતાનોના કેટલાક હકતકો અને ફરનોજી જવાબદારીનો સ્વીકાર જાતીય અને સામાજિક સંબંધથી જોડાય છે તેને લગ્ન કહેવામાં આવે છે.[૮]

લગ્ન સર્વત્ર અસ્તિત્વ ધરાવતી એક સામાજિક સંસ્થા છે. જે સમાજ દ્વારા સ્વીકૃત બની છે. લગ્નનો ઉદ્દેશ ગૃહજીવન વ્યતીત કરવાનો છે. સમાજનો તે મુખ્ય મહત્વનો આધાર છે. સમાજની વ્યવસ્થાને ટકાવી રાખવામાં તે પોતાનો મહત્વનો ફાળો આપે છે. દરેક સમાજમાં દરેક સંસ્કૃતિમાં લગ્ન સંસ્થાને માન્યતા આપવામાં આવી છે. દરેક સમાજમાં દેશકાળ અને સંસ્કૃતિ પ્રમાણે લગ્નમાં સ્વરૂપો અલગ–અલગ જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં લગ્ન વિના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો પૂરા થઇ શકતા નથી. આ પુરુષાર્થોને પ્રાપ્ત કરવા માટે લગ્ન કરવા આવશ્યક છે.

સમાજમાં દરેક પુરુષે લગ્ન કરવા આવશ્યક છે. લગ્ન વિના પુરુષ અપવિત્ર અને અપૂર્ણ ગણાય છે. બ્રાહ્મણ સાહિત્યમાં કહ્યું છે કે પત્ની એ પતિનું અર્ધું અંગ છે. એટલા માટે પુરુષ જ ાં સુધી લગ્ન ન કરે ત્યાં સુધી તે અધુરો ગણાય છે. લગ્નને પૃથ્વીલોક અને સ્વર્ગલોકના સુખને માટે આવશ્યક ગણ્યું છે. ભારતીય સંસ્કૃતિ લગ્નને એક વિશિષ્ટ દષ્ટિથી જ જૂએ છે. હિંદુ સમાજમાં લગ્નને ધાર્મિક સંસ્કારનું સ્વરૂપ આપીને વિવિધ પ્રકારના ઋણમાંથી મુકિતત, ચાર પુરુષાર્થો દ્વારા જીવનલક્ષ્યની પ્રાપ્તિ અને સ્થિરતા જેવાં ધર્મકાર્યો માટે લગ્નનું મહત્વ સ્વીકારવામાં આવ્યુ છે.

ભારતીય સંસ્કૃતિમાં લગ્નને સ્વર્ગનું પ્રવેશદ્વાર બતાવવામાં આવ્યુ છે. લગ્ન દ્વારા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ થતો હોવાથી અને ગૃહસ્થાશ્રમને સ્વર્ગ સમાન માનવામાં આવતો હોવાથી લગ્ન એક આવશ્યક સંસ્કાર છે. લગ્ન કન્યાને પત્ની બનાવવા માટે એક ચોકતકસ કર્મથી કરવામાં આવતા અનેક વિધિઓ વડે

પૂર્ણ થનાર પાણિગ્રહણ સંસ્કાર છે. અનેક પ્રકારના ઋણમાંથી મુકતત થવા અને શ્રેષ્ઠ પુરુષાર્થો પ્રાપ્ત કરવા માટે લગ્ન સંસ્કાર આવશ્યક છે.

ભારતીય સમાજમાં લગ્ન એક સામાજિક સાંસ્કૃતિક સંસ્થા તરીકે સાર્વત્રિક હોવા છતા તેમાં વિવિધતા જોવા મળે છે. કાયદેસર રીતે થતા લગ્ન સ્ત્રીને સમાજમાં સ્વીકૃત પતિ, તથા પુરુષને સ્વીકૃત પત્ની મળે છે. લગ્ન એક કાયદેસરની અને સમાજ માન્યતાપ્રાપ્ત વિધિ છે. લગ્ન પછી સ્ત્રી અને પુરુષ સ્વતંત્ર રીતે પોતાનો સંસાર શરૂ કરી શકે છે. સમાજશાસ્ત્રીય દષ્ટિએ જોઇએ તો લગ્નની કાયદેસરતા કુટુંબને તેની સામાજિક ભૂમિકા ભજવવા માટેની આવશ્યક પરિસ્થિતિ પૂરી પાડે છે.[૯]

ભારતીય હિંદુ સમાજમાં પ્રાચીન કાળથી જીવનના દરેક તબકતકા સાથે ધર્મ સંકળાયેલો છે. લગ્ન તો ગૃહસ્થાશ્રમનું પ્રવેશદ્વાર હિંદુઓનું સમગ્ર સામાજિક અને આધ્યાત્મિક વિચારદર્શન લગ્ન સાથે સંકળાયેલું જોવા મળે છે. ધર્મ હિંદુ લગ્નની આધારશીલા હોવાથી ધર્મનું પાલન સૌથી પ્રથમ અને મુખ્ય ઉદેશ ગણાય છે. લગ્ન કરીને વ્યકિતત ગૃહસ્થધર્મનું પાલન કરે છે. ગૃહસ્થ ધર્મમાં બાળકો અને પત્નીનું પાલનપોષણ, અતિથિ સત્કાર, સમાજસેવા, ધાર્મિક પૂજાવિધિ અને બધા સંસ્કારોમાં પત્નીનું સાથે હોવું જરૂરી છે. જીવનમાં કેટલાંક ધાર્મિક કર્તવ્યો પતિ–પત્નીએ સાથે મળીને પૂરાં કરવાં પડે છે. લગ્ન અને વનમાં ધાર્મિક કાર્યોના આટલા બધા મહત્વને કારણે પત્નીને 'ધર્મપત્ની' કહેવામાં આવે છે.[૧૦]

આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં વિવાહના આઠ પ્રકારો આપવામાં આવ્યા છે. કયા વિવાહો શ્રેષ્ઠ છે અને કયા વિવાહો અધમ છે તેની માહિતી મનુસ્મૃતિમાં આપવામાં આવી છે. બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને યો અને શુદ્રો માટે રાક્ષસ–વિવાહ સિવાયના બાકીના આસુર, ગાંધર્વ અને પૈશાચ વિવાહો ધર્માનુકૂળ છે. વિદ્વાન બ્રાહ્મણો માટે પહેલા ચાર વિવાહો, ક્ષત્રિયો માટે એક રાક્ષસ–વિવાહ અને વૈશ્ય અને શુદ્ર માટે આસુર વિવાહ શ્રેષ્ઠ માને છે. ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે પાછલા પાંચ વિવાહમાં આગળના ત્રણ વિવાહ ધર્મયુકતત અને પાછલા બંને અધર્મયુકતત કહ્યું છે, તેથી આસુર અને પૈશાચ વિવાહ કતયારેય કરવા નહીં.

મનુસ્મૃતિમાં આઠ પ્રકારના વિવાહો વિશે તથા તે વિવાહથી થતા લાભો અને તે વિવાહોની વિસ્તારપૂર્વકની વ્યાખ્યાઓ આપી છે. વેદસંપન્ન અને સદાચારી પુરુષને બોલાવી, વરકન્યા બંનેને વસ્ત્રાભૂષણથી શણગારી તથા તેમને પૂજીને કન્યાનુ જે દાન કરવું તે ધર્મરૂપ બ્રાહ્મ વિવાહ કહેવાય છે.[૧૨]

પ્રારંભેલા યજ્ઞમાં સારી પેઠે કર્મ કરનાર યાજ્ઞિક બ્રાહ્મણને શણગારેલી કન્યાનું જે દાન કરવું તે ધર્મરૂપ દૈવ વિવાહ છે.[૧૩]

વર પાસેથી યાગાદિ ધર્મ માટે એક ગાય તથા બળદનું એક જોડકું અથવા જોડ લઇ વિધિસર જે કન્યાદાન થાય છે, તેને ધર્મરૂપ આર્ષ વિવાહ કહે છે.[૧૪]

તમે બંને સાથે રહી ધર્માચરણ કરી એવું વચન કહી, સત્કારીને જે કન્યાદાન કરાય છે, તે પ્રાજાપત્ય વિવાહ છે.[૧૫]

કન્યાને તથા તેના સગાંવહાલાંને યથાશકિતત દ્રવ્ય આપી, જે સ્વચ્છાએ કન્યાદાન લેવાય છે, તેને આસુર વિવાહ કહેવાય છે.[૧૬]

વર કન્યાની, પરસ્પરની ઈચ્છાથી તેમનો જે એકબીજાનો સંયોગ થાય છે, તેને કામવાસનાથી થનારી અને મૈથુન માટેનો ગાંધર્વ વિવાહ જાણવો.[૧૭]

કન્યાના પક્ષના માણસોને મારી, કાપી અને ભાંગફોડ કરી, રડતી—કકળતી કન્યાને ઘરમાંથી જબરદસ્તીથી હરણ કરી જવી તેને રાક્ષસ વિવાહ કહેવાય છે.[૧૮]

ંઘતી, કેફમાં પડેલી યા બેભાન કન્યાને એકાંતમાં ભોગવીને વિવાહોમાં અત્યંત પાપી અને અધમ આઠમો પૈશાચ વિવાહ છે.[૧૯]

આમ મનુસ્મૃતિમાં વિવાહના પ્રકારો દર્શાવ્યા છે તથા તેના શુભ ફળ વિશે પણ કહ્યુ છે. બ્રાહ્મ વિવાહથી થયેલો પુણ્યકારી પુત્ર દસ પૂર્વેના પિતૃઓ, દસ પછીના વંશજોને તથા એકવીસમા પોતાને પાપથી મુકતત કરે છે. દૈવ—વિવાહથી જન્મેલો પુત્ર આગલી—પાછલી સાત—સાત પેઢીઓને, આર્ષ વિવાહથી જન્મેલો પુત્ર આગલી—પાછલી ત્રણ ત્રણ પેઢીઓને તથા પ્રાજાપત્ય વિવાહથી જન્મેલો પુત્ર આગલીપાછલી છ—છ પેઢીઓને પાપથી મુકતત કરે છે.

લગ્ન એક પવિત્ર બંધન છે, તે યોગ્ય વિધિ પ્રમાણે થવું જોઈએ તો તેનું યોગ્ય ફળ માનવને પ્રાપ્ત થાય છે. મનુસ્મૃતિમાં બતાવેલા નીતિ નિયમો પ્રમાણે અને વર્ણવ્યવસ્થા પ્રમાણે જો લગ્ન કરવામાં આવે તો તેવા લગ્ન દિવ્ય બને છે અને શાસ્ત્રમાં બતાવેલ લગ્નને ભોગવે છે. લગ્ન એક પુરુષનો આવશ્યક સંસ્કાર છે અને તે વિધિ—વિધાન પ્રમાણે થવો જોઈએ. કારણ કે પરિણય તે આજીવન ચાલતી પ્રક્રિયા છે અને શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે જો પરિણય ન થાય તો તેનું ફળ મળતુ નથી અને અનિષ્ટો ભોગવવા પડે છે. આમ, પરિણયથી માનવનું જીવન દિપી ઠે છે તથા પુરુષ પોતાના જીવનમાં નવું સાહસ કરતો થાય છે.

## ૨. પરિણય : શાસ્ત્રીય દષ્ટિએ :

પરિણય એ માનવનું જીવન પરિવર્તન કરતો અગત્યનો સંસ્કાર છે. કોઇપણ પુરુષે સમાજમાં ટકી રહેવું હોય તો લગ્ન કરવા આવશ્યક છે. માણસ લગ્ન થાય પછી જ તે પરિપૂર્ણ ગણાય છે. લગ્ન એટલે કેવળ બાહ્ય લગ્ન નહીં, પણ મનનું લગ્ન છે. લગ્ન એટલે પ્રેમ અને કર્તવ્ય માટે સંસારના રણાંગણમાં સક્રિય ભા રહેવું તે. લગ્નને સમાજનો આધાર માનવામાં આવતો. લોકો લગ્ન કરીને આદર્શ ગૃહસ્થાશ્રમ માંડતા. ગૃહસ્થાશ્રમ એટલે બે વ્યકિતતઓના આત્મિક વિકાસનું સ્થાન, સદ્‌ગુણ અને સદાચારનું શિક્ષણ લેવાની નિશાળ. પુરુષના જીવનમાં લગ્ન પછી જ પરિવર્તન આવે છે. લગ્ન પુરુષને ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. લગ્ન પછી જ દરેક માનવ એક નિસ્વાર્થ સથવારાને પ્રાપ્ત કરે છે.

પરિણય સંસ્કારની માનવજીવનમાં બહુ મોટી અસર થાય છે. એટલાં માટે પરિણય સંસ્કાર શાસ્ત્રીય દષ્ટિએ થવો જોઇએ. શાસ્ત્રોનો અભ્યાસ કરતાં લાગે છે કે વિવાહ આમરણ હોવો જોઇએ. વિવાહ વ્યવસ્થા એવી હોવો જોઇએ કે જે તોડી ન શકાય. આમરણ સંબંધના પરિણામે દંપતીમાં એકબીજા પ્રત્યે દૃઢ ભાવના બંધાય છે. તેઓ એકબીજાના મનોવિકારો અને તરંગો સારી રીતે સમજી શકે છે. તેમની જીવનનિષ્ઠા પરિપકતવ છે. અગવડમાં એકબીજાને સાથ આપી, આપેલી અગવડોનો હિંમતથી સામનો કરવાની તેમની માનસિક પૂર્વતૈયારી થઇ ચૂકી હોય છે.

લગ્ન પછી જ કોઇપણ પુરુષ જીવનના પડકારોને સહન કરવા માટે સક્ષમ બને છે. લગ્ન એ પતિ–પત્ની બંને વચ્ચે નિસ્વાર્થ સંબંધનું પ્રતીક છે. એકબીજા માટે ગમે તેટલું કષ્ટ વેઠી એકબીજાની હૂંફથી તે આવતી અગવડોમાંથી પાર તરે છે. તેથી અગવડોમાં પાછા ફરવું, છૂટાછેડા લેવા એ વિચાર પણ તેમને માટે પાપ ગણાય છે. ગમે તેવા સંજોગામાં ટકી રહેવું એ જ ખરું દાંપત્ય છે. આજે ઘણાં યુવાનો કહે છે કે હું વિવાહ કરવા માગતો નથી. પરંતુ લગ્ન કર્યા પછી છૂટાછેડા લેનાર કરતાં આવું કહેનારા યુવાનો વધુ સારા છે, કારણ કે જીવનાર્થ કલહમાં ટકી રહેવાની તેઓ પહેલેથી જ અશકિતત જાહેર કરે છે.

પરિણયો શાસ્ત્રીય દષ્ટિએ જ થવા જોઇએ. શાસ્ત્રીય નિયમ અનુસાર લગ્ન થવા જોઇએ કારણ કે તેના સારા પાસા માણસોને લાંબે ગાળે મળે છે. અનિશ્ચિત કુટુંબવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાની પણ સંતતિ પર ઘણી મોટી અસર થાય છે. સાથે સાથે વંશનો વિચાર કરવો પણ તેટલો જરૂરી છે. વંશનું વર્ગીકરણ થવું જ જોઇએ. એકવંશી સમાજ કે વર્ગીકરણ વગરનો સમાજ કદો ટકી શકતો નથી એમ આજના સમાજશાસ્ત્રજ્ઞો કહે છે. સમાજ એકવંશીય કે વિભિન્ન વંશીય હોય તો પણ આજના સમાજશાસ્ત્રજ્ઞી તેના ત્રણ વિભાગ પાડે છે. સેંકડે દશ ટકા જ લાયક અને કર્તૃત્ત્યવવાન સ્ત્રીપુરુષો હોય છે.

એંસી ટકા સર્વસાધારણ પ્રજા હોય છે અને કોઈપણ કામ કરવા નાલાયક, દૂબળા અને નિર્બુદ્ધ એવા દસ ટકા હોય છે, આમાં ભિખારી, વેશ્યા, ચોર વગેરે ગણી શકાય તેમ છે.

સમાજશાસ્ત્રીઓ કહે છે કે એંસી ટકા લોકો કે જે સામાન્ય કક્ષાના છે તેમનામાં પ્રાણીશાસ્ત્ર મુજબ શુક્રબિંદુમાં 'N' જીવનગોલક રહે છે. આ જીવનગોલકનો એવો ગુણધર્મ હોય છે કે તે શ્રેષ્ઠ યા કનિષ્ઠ વર્ણ સાથે સંબંધ કરે તો પણ તેનું પરિણામ સામાન્ય જ આવે. પ્રજા સાધારણ જ થાય. પરંતુ જે શ્રેષ્ઠ વર્ગમાં જે દસ ટકા લોકો આવે છે તેમનામાં 'N' ઉપરાંત બીજા n-n જીવનગોલકો રહ્યા હોય છે. તેથી તેમનો સજાતીય જોડે સંબંધ થાય તો પણ તેમાંથી પચાસ ટકા પ્રજા સામાન્ય જન્મે છે. બત્રીસ ટકા પ્રજા શ્રેષ્ઠ થાય છે અને અઢાર ટકા પ્રજા કનિષ્ઠ થાય છે. તેથી પહેલા વિભાગના દસ ટકા લોકોને તેમની જાતિના ઉચ્ચતમ ગુણો ટકાવી રાખવા માટે બાકીના નેવું ટકા લોકોથી અલગ રાખવા જોઈએ એ જરૂરી છે. તેથી સમાજશાસ્ત્રકારોએ બે પ્રકારનું વિભાજન કર્યું છે. પહેલું વંશવિભાજન અને બીજું વંશાન્તરગત સમૂહનું વિભાજન.[૨૦]

***     સગોત્ર પરિણય સમાજ ઉપર અસર :**

પ્રાણીશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દષ્ટિથી જોશું તે જણાશે કે બહુ પાસેના અને બહુ દૂરના પણ રકતત સંબંધો ન થવા જોઈએ. પાસેના એટલે કે સગોત્ર વિવાહ અને દૂરના એટલે કે સમૂહ બહારના લગ્નો. આ મત રજૂ કરતા સમયે દેશ અને સ્થળનો પણ વિચાર કરવો જરૂરી છે. અહીંના n-n ગોલકવાળા અને ઈંગ્લેંડના પણ n-n ગોલકવાળાનો સંબંધ થાય તો પ્રજા અકર્તૃત્ત્યવવાન થાય, કારણ કે તે સમૂહ બહારના સંબંધો છે. તે રીતે દેશભેદ અને ભૌગોલિક પરિસ્થિતિ વિચારો પણ બહુ જરૂરી છે. માણસ જાતમાં પણ લોહીના સંબંધો વિશુદ્ધ રહે તે જોવું જોઈએ. મનુ વગેરે સ્મૃતિકારોનું કહેવું છે કે બહુ પાસેના તથા બહુ દૂર લોહીના સંબંધો ન થવા જોઈએ.

***     પરિણય સગોત્રમાં જ થવા જોઈએ. :**

મનુસ્મૃતિમાં ભગવાન મનુ કહે છે કે પરિણયો સવર્ણ કુળમાં જ થવા જોઈએ. પુરુષના જ ારે લગ્ન કરવાનો સમય આવે ત્યારે માતાના પિયરવંશની અને પિતાના ગોત્રની કન્યાનો ત્યાગ કરવો જોઈએ.

असपिण्डा च या मातुरसगोत्रा च या पितुः ।
सा प्रशस्ता द्विजातीनां द्वारकर्मणि मैथुने ।।

મનુસ્મૃતિ, અધ્યાય – ૩.૫

શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે પરિણયો થવા જોઈએ. શાસ્ત્રોમાં કહ્યું છે કે માતાની પાંચ પેઢી અને પિતાની સાત પેઢી સુધીનો વિવાહ સંબંધ બાંધવો નહીં, બહુ પાસેના સંબંધો જેવા કે, ભાઈબહેન,

પિતાપુત્રી વગેરેના વૈવાહિક સંબંધોના પરિણામે પિંડગત શક્તિત નાશ પામે છે. શાસ્ત્રોએ ગણિતાગત પદ્ધતિથી ગોત્રજ સપિંડ અને ભિન્નગોત્રજ સપિંડ એમ બે વિભાગ બનાવ્યા છે. ગોત્રજ સપિંડ એટલે વંશપરંપરાથી આવેલી પુરુષ સંતતિ અને ભિન્ન ગોત્રજ સપિંડ એટલે વંશપરંપરાથી આવેલી સ્ત્રી સંતતિ.

પ્રાણીશાસ્ત્રનું માનવું છે કે જેવી રીતે અસવર્ણમાં લગ્ન ન થવાં જોઇએ તેવી જ રીતે લોહીના સંબંધો પણ ન થવા જોઇએ. એક જ લોહીના સંબંધોથી ચામડીના રોગો થાય છે અને લોહીના ઉત્કૃષ્ટ ગુણો ટકતા નથી. એક જ લોહીના સ્ત્રી પુરુષોના વિવાહ સંબંધથી માત્ર દોષો જ ઉત્ક્રાંત થાય છે, ગુણો ઉત્પન્ન થતા નથી. આમ આ બન્ને નિયમો અસવર્ણ અને  સગોત્ર વિવાહ ત્યાજ  છે. એ ન પળાય અને તેના નિયમોનું પાલન બરાબર ન થાય તો તે સમાજ ગમે તેટલો ઉત્કૃષ્ટ હશે તો પણ ટૂંક સમયમાં જ નિષ્પ્રાણ બની આખરે ખલાસ જ થશે. આવા સંબંધોના પરિણામે જ વિ  ના વિવિધ સમાજે ખરાબ પરિણામ ભોગવ્યા છે.

પરિણય સંસ્કાર માનવના જીવનનો મહત્વનો સંસ્કાર છે. એટલા માટે તે શાસ્ત્રીય દષ્ટિએ થવો જોઇએ. શાસ્ત્રમાં બતાવેલા નિયમો પ્રમાણે જો લગ્ન કરવામાં આવે તો તેના પરિણામો લાંબા સમય સુધી મળ્યા કરે છે. મનુસ્મૃતિમાં અમુક પ્રકારના લગ્નો ન કરવાની સલાહ આપી છે. બે જાતના વિવાહો અસવર્ણ અને સગોત્ર, નિષિદ્ધ કર્યા પછી સ્ત્રી પુરુષની વિવાહ માટે યોગ્ય ઉમર કઇ? કતયારે વિવાહ કરવા જોઇએ? કન્યાનું કુળ કેવું હોવું જોઇએ વગેરે બાબતોની શાસ્ત્રોમાં ચર્ચા જોવા મળે છે.

આપણાં પ્રાચીન શાસ્ત્રોએ નિયમબદ્ધ વિવાહ શાસ્ત્ર વિકસાવ્યુ છે. એટલાં માટે ભારતીય સમાજમાં કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે અને તે આજદિન સુધી જળવાઇ રહી છે. આપણે ત્યાં લગ્નમાં પુરુષને વધારે મહત્વ આપવામાં આવતું નથી. લગ્ન સ્ત્રીના હોય છે પુરુષના નહી. સ્મૃતિકારોએ લખ્યુ છેઃ स्त्री विवाहान् निबोधत । વિવાહમાં સ્ત્રીનું પ્રાધાન્ય હોય છે. રીતિરિવાજોમાં પણ સ્ત્રીનું મહત્વ વધારે દેખાય આવે છે. સ્ત્રીને પ્રાચીન કાળમાં ખૂબ જ સ્વતંત્રતા આપવામાં આવી હતી. સ્ત્રી ગુલામ ન હતી. સ્મૃતિકારોએ સ્ત્રીના ભારોભાર વખાણ કર્યા છે.

### *	વિવાહ માટે આવશ્યક નિયમો :

આપણાં પ્રાચીન શાસ્ત્રકારોએ વિવાહ કરવા માટેના યોગ્ય નીતિ નિયમો બનાવ્યા છે. તેનું પણ ખૂબ મોટું શાસ્ત્ર છે. આપણાં સ્મૃતિકારો કહે છે કે વિવાહસંસ્થામાં બંધનો હોવાં જ જોઇએ અને આ બંધનો ચારિત્ર્ય, નૈતિકતા અને આધ્યાત્મિક વિકાસ વગેરે લક્ષમાં રાખીને પિંડગત પ્રગતિના નિયમોના આધારે નકતકી થયેલા હોવા જોઇએ. સમાજ શ્રેષ્ઠ બને તેના ગુણો જળવાઇ રહે તે માટે સ્મૃતિકાર મનુએ આ બાબતમાં કેટલાક નિયમો આપ્યા છે. જેમ કે લગ્ન આમરણ જોવા જોઇએ. કુંવારી સ્ત્રીના જ લગ્ન થાયે વિધવા સ્ત્રીના પુનર્લગ્ય કરવા નહીં વગેરે. સમાજમાં આવા મહત્વના નિયમો આપ્યા છે.

લગ્ન સંસ્કારની અસર સમાજ ઉપર થાય છે અને કુટુંબો પણ તેનાથી પ્રભાવિત થાય છે. એટલા માટે લગ્ન શાસ્ત્રીય દષ્ટિએ થવા જોઇએ. પરંપરાગત માનવી સંસ્કાર અપત્ય ઉપર દઢ થાય તે માટે કુટુંબમાં સ્ત્રી પુરુષ અચળ ઘટક હોવાં જોઇએ. સાંસ્કૃતિક અને પિંડગત દષ્ટિથી આની અસર સંતતિ ઉપર થાય છે. પુરુષના કુટુંબમાં દાખલ થયા પછી સ્ત્રીને લાગવું જોઇએ કે પોતે તે કુટુંબની એક સ્થિર ઘટક છે અને આ સમજણ આવશ્યક છે. સ્ત્રીને હંમેશા લાગવું જોઇએ કે હું એક જ કુટુંબની સ્થિર ઘટક છું તો જ તે સ્ત્રી કુટુંબને સુખી કરી શકે. અને આવા પુરુષનો સંસાર દિવ્ય બને તે સ્ત્રી કુટુંબને ટોચ સુધી પહોંચાડી શકે. આવી સ્ત્રી પતિવ્રતા કહેવાય છે.

મનુસ્મૃતિમાં કહ્યુ છે કે સ્ત્રી ફકતત એક જ વાર પરણી શકે અને પુરુષને આવા કોઇ બંધન નથી. આવી બાબતો સામે આવે ત્યારે મનુએ સ્ત્રી જાતિ  ઉપર અન્યાય કર્યો છે તેમ લાગે છે. પરંતુ નિસર્ગની દષ્ટિએ સ્ત્રીને માટે આવા બંધનો જરૂરી છે. તેના માટે શાસ્ત્રોનો આધાર લેવો જોઇએ. આજના પ્રાણીશાસ્ત્રજ્ઞોનું અને માનસશાસ્ત્રજ્ઞોનું માનવું છે કે ભગવાને સ્ત્રીની મનોરચના પુરુષ કરતાં કાંઇક અલગ બનાવી છે. એટલા માટે પ્રાકૃતિક રીતે સ્ત્રીને એકપતિત્વ વધુ અનુકૂળ છે. સ્ત્રીનો જ ારે પુરુષ સાથે પહેલો સંબંધ થાય છે ત્યારે સ્ત્રીમાં એક પ્રકારની માનસિક વૃત્તિ તૈયાર થાય છે. સ્ત્રી એ લેવાવાળી છે અને પુરુષ એ આપવાવાળો છે.

પુરુષને સ્ત્રીના લોહી સાથે સંબંધ નથી થતો, પરંતુ સ્ત્રી લેવાવાળી હોવાથી તેને પુરુષના લોહી સાથે સંબંધ થાય છે. તે પુરુષના હોર્મોન્સ લે છે. તેના દેહમાં એક નવો જ દેહ આકાર લે છે. તે વખતે તેની મનોવૃતિ કેટલી તદ્રુપ થતી હશે તેનો  ંડો વિચાર કરવો જરૂરી છે. તે જે પુરુષ સાથે પહેલો સંબંધ થાય છે તેને તે દિલથી ચાહે છે. તેમાં તે પોતાનું વ્યકિતતત્વ સમાવી દેવાની ભાવના તેનામાં નિર્માણ થાય છે. તે પ્રથમ પુરુષમાં સંપૂર્ણ રીતે સમર્પિત બને છે.[૨૧]

## * પરિણય માટે કઇ કન્યાને સ્વીકારવી?

પરિણય માટે કેવી કન્યાનો સ્વીકાર કરવો તેના માટે મનુસ્મૃતિમાં વિસ્તાર પૂર્વક વર્ણન જોવા મળે છે.

महान्त्यपि समृद्धानि गीजाविधानधान्यत: ।
स्त्रीसबन्धे दशैतानि कुलनि परिवर्जयेत् ।।
हीनक्रियं निष्पुरूषं निच्छन्दो रोमशार्शसम् ।
क्षप्यामर्याव्यपस्मारी श्चिन्निकुष्ठि कुलानि च ।।

મનુસ્મૃતિ અધ્યાય – ૩.૬૧૭

ગાય, બકરાં, ઘેટાં, ધનધાન્યથી મહાસમૃદ્ધ હોય તો પણ નીચેનાં દસ કુળો સ્ત્રી સંબંધ માટે

ત્યજી દેવા. સંસ્કાર વિનાના, પુરુષ પ્રજા વિનાના, દેવાધ્યયન રહિત, ખૂબ રૂવાંટીવાળાં, તેમજ હરસ, ક્ષય, મંદાગ્નિ, વાઇ, સફેદ કોઢ વગેરે રોગવાળાં આ દસ કુળોમાંની કન્યાને પસંદ ન કરવી. આયુર્વેદ, શરીરશાસ્ત્ર અને સુપ્રજનન અને વંશશાસ્ત્રની દષ્ટિએ રોગી કુળો ત્યાજ કરવા જોઇએ. તે ઉપરાંત મનુ કહે છે કે જે લોકોના કુળમાં જાતકર્માદિ સંસ્કારો થતા નથી તથા વેદોના અધ્યયનથી દૂર રહે છે તેવા કુટુંબો ગમે તેટલા સમૃદ્ધ હોય તો પણ તેની સાથે સંબંધ બાંધવો નહીં. જે કુંટુંબમાં કોઇ પુરુષો ન હોય તેવા કુટુંબ સાથે લગ્ન સંબંધથી દૂર રહેવું જોઇએ.

મનુસ્મૃતિના રચયિતા મનુ સાચા અર્થમાં સમાજશાસ્ત્રી હતા. એટલા માટે તેમણે સમાજ આગળ આ રીતની વાતો પ્રસ્તુત કરી છે. તેની પ્રસિદ્ધ કરેલી વાતો શાસ્ત્રમાન્ય અને સાબિત થયેલી જણાય છે. મનુએ કહ્યું છે કે જે કુટુંબમાં સ્ત્રી વારસદાર હોય તે સ્ત્રી સાથે લગ્ન કરવા નહીં. વિદેશી વિદ્વાન સર ફ્રાન્સિસ ડાલ્ટન સંશોધન કરીને પોતાના પુસ્તકમાં જણાવે છે સ્ત્રીપ્રધાન કુટુંબોની છોકરીઓમાં પ્રજોત્પાદનક્ષમતા નબળી હોય છે. તેને જો કદાચ પ્રજા થાય તો તે ક્ષુદ્ર અને દુર્બળ પ્રજા થાય છે.

મનુસ્મૃતિમાં મનુ આગળ જણાવે છે કે જે કુળમાં શિક્ષણનો અભાવ હોય એવા કુળને પણ ત્યાજ ગણવા જોઇએ. ફકતત અક્ષરજ્ઞાન નહીં પરંતુ શારીરિક અને માનસિક યોગ્યતા કેટલી છે તે એટલે શિક્ષણ. જીવનલક્ષી શિક્ષણમાં સ્ત્રી પારંગત હોવી જોઇએ. કારણ કે આગળ જતા તેને ઘણીબધી સમસ્યાઓમાંથી પસાર થવાનું છે. જીવનાર્થ કલહમાં ટકી રહેવાની પિંડગત શકિતત હોવી એ જ ખરું શિક્ષણ છે. વંશની દષ્ટિથી ઉપયોગી શિક્ષણ અને શકિતત જે કુટુંબની છોકરીમાં ન હોય તે કુટુંબની છોકરી સમૃદ્ધ હોય છતાં પણ તેની સાથે લગ્ન સંબંધ બાંધવો નહીં.

મનુસ્મૃતિમાં મનુએ દરેક વાત શાસ્ત્રીય રીતે રજૂ કરી છે. તે આગળ જણાવે છે કે જે સ્ત્રીને શરીરે અતિ વાળ હોય તેવી છોકરીને પરિણય માટે અમાન્ય કરવી. તથા હરસના રોગવાળાં, ક્ષયરોગવાળાં ફેફરું, ચકતકર, મૂર્ચ્છા વગેરે રોગવાળા કુળો, મંદાગ્નિથી પીડાતાં, કુષ્ઠરોગી કુળો આટલાં કુળો મનુએ લગ્ન માટે અમાન્ય કર્યા છે.

પરિણય માટે કન્યા કેવી હોવી જોઇએ તેનું વર્ણન પણ મનુસ્મૃતિમાં મનુએ કર્યું છે. ખોડખાંપણ વગરનાં અંગવાળી, સૌમ્ય નામવાળી, હંસ તથા હાથીના જેવી ચાલવાળી, ઝીણાં રુંવાટાંવાળી, પાતળા વાળવાળી, નાના દાંતવાળી તથા કોમલાંગી કન્યાને પરણવી.[૨૩]

કોઇપણ પુરુષના જીવનમાં પરિણય એ અગત્યનો સંસ્કાર છે. એટલા માટે તે શાસ્ત્ર અને માન્ય થવો જોઇએ. શાસ્ત્રીય રીતે સમાજરચના કરવાની થાય ત્યારે ગોત્ર, કુળ, વર્ણ, કન્યાની યોગ્યતા વગેરે બાબતોનો વિચાર કરીને પછી જ સંબંધ બાંધવો જોઇએ. લગ્ન સંબંધ બાંધતા પહેલા આપણી સંસ્કૃતિએ બતાવેલા નીતિ નિયમોનો અભ્યાસ કરવો જોઇએ અને પછી આ સંબંધમાં આગળ વધવું

જોઇએ. પરિણય એ એક જ વખત કરવામાં આવતો સંસ્કાર છે. એટલા માટે તે યોગ્ય રીતે અને શાસ્ત્રોકતત માન્ય રીતે થવો જોઇએ. માણસ એમ કહે છે કે હું અમુક વ્યકિતતને પ્રેમ કરું છું તેથી લગ્ન સંબંધ નકતકી ન થાય. તથા જ ોતિષ શાસ્ત્રીઓ પાસે જન્મોત્રી જોઇને લગ્ન નકતકી ન થાય. જન્મોત્રી જોવાનો રીવાજ આપણાં સમાજમાં ક ાંથી આવ્યો તે સમજાતું નથી. લોકો પોતાના ભવિષ્યમાં, ભાગ્યમાં ધન સંપતિ છે કે નહીં તેને સુખ મળશે નહીં તે માટે થઇને જન્મોત્રી જોવડાવે છે.

પરંતુ સુખ વૈભવ તો પૂર્વજન્મોના કર્મો પ્રમાણે મળે છે. તમારા ભાગ્યમાં લખેલું હશે તે જ તમને મળશે તેમાં કોઇ સુધારો કે વધારો થઇ શકે નહીં. લોકો લગ્ન કરતા પૂર્વે સ્ત્રીના ગ્રહોની તપાસ કરાવે છે કે તેના ભાગ્યમાં સુખ છે કે નહીં તેમ પહેલા જોઇ લે છે. પરંતુ ફકતત જન્મોત્રી જોવાથી કાંઇ ન વળે આપણાં શાસ્ત્રોમાં કહેલી દરેક બાબતો તપાસવી જોઇએ. જન્મોત્રી લોકો એ માટે જૂએ છે કે તેમને શંકા છે. તથા તેનો સંસાર સુખી થશે કે નહીં તે બાબતે તેમના મનમાં દ્વિધા છે. નિર્માણ થયેલી પરિસ્થિતિનો સામનો કરવાની અને સુખદુઃખ સહન કરવાની હિંમત ન હોવાથી જ આજે લોકો જ ોતિષશાસ્ત્રનો આધારે લગ્ન સંબંધો નકતકી કરે છે. લોકોને પોતાની જાત ઉપર વિ વાસ નથી એટલા માટે બીજાને આધારે રહે છે.

પરિણયો છે તે શાસ્ત્રીય દષ્ટિએ જ થવા જોઇએ એમ આપણાં પ્રાચીન શાસ્ત્રકારો કહે છે. સમાજમાં જ ટકવું હોય અને દિવ્ય સમાજનિર્માણ કરવો હોય તો પ્રેમસંબંધથી થયેલાં લગ્ન ન ચાલે. દરેક પરિણયો શાસ્ત્રીય દષ્ટિએ જ થવા જોઇએ. પ્રેમલગ્નોના ખરાબ પરિણામોનો વિચાર પણ આપણાં શાસ્ત્રોમાં કરેલો છે. આજે પ્રેમને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે અને પછી લગ્ન સંબંધો ગોઠવાય છે. શાસ્ત્રોમાં કહ્યુ છે કે જે સમાજમાં કળા અને પ્રેમને શાસ્ત્ર સિદ્ધાંતો કરતાં વધુ પ્રાધાન્ય આપાય તે સમાજ કાળના પેટમાં ખલાસ થાય છે. આવી રીતનો સમાજ ધીમે ધીમે નાશ પામે છે. આજે પસંદગી અને ના પસંદગીને વધારે સ્થાન આપવામાં આવે છે. આવી બાબતોને શાસ્ત્રમાં સ્થાન નથી.

આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે લગ્નને તમે સામાન્ય બાબત સમજતાં નહીં તે લાંબા સમયની અને આજીવન ચાલતી પ્રક્રિયા છે. ફકતત પ્રેમ, ગમો–અણગમો જોઇએ લગ્ન કરવામાં આવે તે શાસ્ત્ર વિરૂદ્ધ પદ્ધતિ છે. પ્રેમ, કળા વગેરે શાસ્ત્રીય સમાજની દષ્ટિએ ગૌણ બાબત છે. આવા પ્રેમ, કલા, રૂપ વગેરેના વિચારીને આધીન ન થવું, પરંતુ વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય બાબતો તરફ ધ્યાન આપવું. શાસ્ત્રીય સમાજરચના નિર્માણ કરવી હશે તો શાસ્ત્રમાં બતાવેલા નિયમો પ્રમાણે દરેક સમાજે શાસ્ત્રીય દષ્ટિએ પરિણયો કરવા પડશે.

વર્તમાન સમયમાં લોકો પોતાની ઇચ્છા પ્રમાણે અને સમાજના નીતિ–નિયમો વિરૂદ્ધ લગ્ન સંબંધો બાંધે છે. ત્યારે આવા લગ્ન બહુ સફળ થતાં નથી. એટલાં માટે છૂટાછેડાનું પ્રમાણ વધ્યું છે. સમાજ

છિન્ન–ભિન્ન થયો છે. લોકો લગ્નમાં પ્રેમ, કલા વગેરેને વધારે મહત્ત્યવ આપવા લાગ્યા અને સંસ્કારને ગૌણ સમજવા લાગ્યા હતા પરંતુ આવા પ્રકારના લગ્નોમાં સફળતાનું પ્રમાણ ઓછું થવા લાગ્યુ ત્યારે લોકોની આંખ ઉઘડી કે લગ્ન તો શાસ્ત્ર માન્ય જ થવા જોઇએ. વર્તમાન સમયમાં લોકો પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તન લાવવાની શરૂઆત કરી પરતુ તેમાં સફળતા ન મળી. સમાજમાં કોઇપણ પરંપરાનું સર્જન કરવામાં આવ્યુ ત્યારે આપણા પૂર્વજો ઋષિમુનિઓએ ખૂબ જ લાંબો વિચાર કરીને લગ્નસંસ્થાનું નિર્માણ કર્યું અને તેમાં કેવા કેવા નિયમો હોય તે માટે થઇને અસંખ્ય શાસ્ત્રોનું પણ નિર્માણ કર્યું છે.

શાસ્ત્રીય સમાજ નિર્માણ કરવો હશે તો સમાજ ઉપર બંધનો મૂકવાં જ પડશે. પરિણયની એક પ્રકારની  યોગ્ય પરિભાષા છે તેમ લગ્નમાં પણ ઘણાંબધાં નીતિ નિયમો છે. કન્યાનાં લગ્ન કઇ ઉંમરે કરવા જોઇએ તેનું પણ એક શાસ્ત્ર છે. કારણ કે લગ્નમાં સ્ત્રીને પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે એટલા માટે તેની યોગ્ય ઉંમરનો પણ વિચાર કરવો જોઇએ. આપણાં શાસ્ત્રોમાં કહ્યુ છે કન્યા રજસ્વલા થયા પછી ત્રણ વર્ષના ગાળામાં કન્યાને પરણાવવી જોઇએ. જો ત્રણ વર્ષના ગાળામાં ન પરણાવવામાં આવે અને સ્ત્રી ગમે તેની સાથે લગ્ન કરી લે તો તેનો જવાબદાર તેનો પિતા થાય છે. ઋતુદર્શન પહેલાં જ કન્યાનું વાગ્દાન કરી દેવું જોઇએ.[૨૪]

શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે સ્ત્રીને યોગ્ય સમયે યોગ્ય ઉંમરે પરણાવી દેવી જોઇએ. ઋતુદર્શન પછી બહુ તો કન્યા ત્રણ વર્ષ રાહ જોઇ શકે. આનાથી વધારે સમય કન્યા અપરણિત રહે તો તેના શારીરિક અને માનસિક પિંડોમાં વિકૃતિ નિર્માણ થાય છે. કન્યાને પંદર સોળ વર્ષે ઋતુદર્શન થાય છે ત્યારપછી અઢાર–ઓગણીસ વર્ષની થાય ત્યાં સુધી જો તેને યોગ્ય વર શોધી આપવામાં ન આવે તો લગભગ દરેક યુવાનમાં પોતાને યોગ્ય જીવનસાથી શોધતી હોય છે. આમ તેનું મન બંધાય છે અને તૂટે છે. પરિણામે તેનામાં વિકૃતિ નિર્માણ થાય છે. એટલાં માટે આપણાં સમજૂ શાસ્ત્રકારો એ લગ્નના નીતિ–નિયમો બનાવ્યા છે. પ્રાચીન કાળમાં લોકો સંસારની બાબતમાં સુખી હતા કારણ કે તેઓ આવા નીતિ નિયમોનું પાલન કરતા હતા. એટલાં માટે ધન, ઐ  ર્યને ઇચ્છતા પુરુષે સ્ત્રીઓને સત્કારના પ્રસંગોમાં તથા ઉત્સવોમાં વિવિધ પ્રકારની વસ્તુઓથી હંમેશા સત્કારવી જોઇએ.[૨૫]

પ્રાચીનકાળમાં કન્યાના યોગ્ય સમયે લગ્ન કરી દેવામાં આવતાં હતા. એટલા માટે પ્રાચીન કાળનાં લોકોના સંસાર એટલા દિવ્ય અને તેજસ્વી હતા. સ્ત્રીની બાબતમાં બંધનોનો વધારે આગ્રહ દેખાય છે તેની પાછળ પણ શાસ્ત્રીય કારણ છે. સમાજમાં બનતી બાહ્ય પરિસ્થિતિની સ્ત્રીપિંડ ઉપર જેટલી અસર થાય છે તેટલી પુરુષના પિંડ ઉપર થતી નથી. પશુઓની કામપૂર્તિ જોયા પછી પુરુષ કરતાં સ્ત્રી પર તેની અસર વધારે થાય છે. વાતાવરણની સ્ત્રીના શરીર ઉપર પુરુષ કરતા વધારે અસર થાય છે. સોળ થી વીસ વરસની અંદરની કન્યા પુરુષના સંસર્ગમાં આવે તો ત્રેસઠ ટકા લોકોને વૈવાહિક જીવનમાં

સુખની અનુભૂતિ મળે છે. એકવીસથી પચીસ વરસની કન્યા સાથેના સંસર્ગથી લગભગ બાવન ટકા લોકોને તે સુખ મળે છે. પચીસથી ત્રીસ વર્ષની કન્યા સાથે સંબંધથી છપ્પન ટકા અને ત્રીસ વર્ષથી વધુ ઉંમરની સાથેના સંબંધથી ફકતત બેતાળીસ ટકાને જ સુખ મળે છે.

વર્તમાન સમયમાં લોકો પરિવર્તનશીલ થયા છે. તેઓ મોડા લગ્ન કરવાનું વિચારે છે. તેઓ કહે છે કે અમારી દીકરી હજી નાની છે તમે તેમ માનો છો, પરંતુ નિસર્ગ એમ સમજતો નથી. ઋતુકાળ પછી ટૂંક સમયમાં કન્યાનો વિવાહ ન થાય તો કેટલો માનસિક વ્યભિચાર થાય છે અને તેમાં કન્યાની દશા કેવી કફોડી થાય છે અને માબાપને કલ્પના નથી હોતી. કન્યાને સોળથી વીસ વર્ષ સુધી આ ઈચ્છા તીવ્ર હોય ત્યારે જો તેનાં લગ્ન કરવામાં આવે તો વૈવાહિક સુખ ઘણું મળે છે. એકવીસથી પચીસ વર્ષ દરમ્યાન આ ઈચ્છા સહેજ ઓછી થઈ હોય છે એટલે એટલું સુખ મળતું નથી. પરંતુ પાછા છવ્વીસથી ત્રીસ વર્ષમાં આ ઈચ્છા સહેજ વધુ છે તેથી થોડી વધુ માત્રામાં સુખ મળે છે. પરંતુ જેમ–જેમ મોડા લગ્ન કરતા જાવ તેમ તેમ સુખની ટકાવારી ઓછી થતી જાય છે.

કન્યાને યોગ્ય સમયે પરણાવી દેવી જોઈએ. પંદર સોળ વર્ષે છોકરી પુખ્ત થયા પછી, બાવીસ વર્ષ સુધી નિસર્ગ તેને અને તેના મનને નિરાંતે બેસવા દેતો નથી. મોટેભાગે આ ગાળામાં તે છોકરી જે જે છોકરા તરફ જુએ છે તે તે છોકરા સાથે સંબંધની કલ્પના થાય છે. એટલા માટે તેના શારીરિક અને માનસિક પિંડલમાં વિકૃતિ થાય છે. આજે વર્તમાન સમયમાં કોલેજમાં ભણતી કન્યાઓના ચહેરા નિસ્તેજ હોય છે. એટલાં માટે મનુએ કહ્યુ છે કે ઋતુદર્શન પછી અને છોકરીને અઢાર વર્ષ પૂરાં થાય તે પહેલાં તેને પરણાવી દો. ઋતુમતી થયા પછી કન્યા મનને બાંધી શકતી જ નથી. કન્યાને ઋતુ આવે તે પહેલાં જ તેનો યોગ્ય વર શોધી આપવો જોઈએ. મનુએ નાનપણમાં લગ્ન કરવાની ના પાડી છે તથા બહુ મોડા લગ્ન પણ ન કરવા જોઈએ તેમ કહ્યુ છે.

આપણાં પ્રાચીન સ્મૃતિકારો પરિણયના સબંધમાં અસંખ્ય નીનિ–નિયમો સૂચવે છે. તે પ્રમાણે જો લગ્ન સંબંધ બાંધવામાં આવે તો આવા સંબંધો લાંબા સમય સુધી ટકે છે. લગ્ન કરવાનો ચોકતકસ સમયગાળો પણ હોય છે. સ્મૃતિકારો કહે છે કે લગ્નસંબંધમાં સ્ત્રી અને પુરુષ ઉંમર વચ્ચે ઓછામાં ઓછું નવથી દસ વર્ષનું અંતર હોવું જ જોઈએ. જો કન્યાની ઉંમર સોળ વર્ષની હોય તો પુરુષની ઉંમર પચીસ વર્ષની હોવી જોઈએ. આ તફાવતની પાછળ પણ શાસ્ત્રીય કારણ જવાબદાર છે. સામાવ્ય રીતે સ્ત્રીની જાતીય ભૂખ પાંત્રીસથી ચાલીસ વર્ષે ઘટવા લાગે છે અને તે માટે તેને ધીમે ધીમે અભાવ થાય છે. પુરુષને પણ પચાસ–પંચાવનની ઉંમર પછી જાતીય જીવન પ્રત્યે અણગમો થવા લાગે છે. જો આ પ્રમાણે પતિ–પત્નીની ઉંમરમાં તફાવત ન હોય અને બંને સરખી ઉંમરના હોય તો પાંત્રીસથી ચાલીસ વર્ષે સ્ત્રીની જાતીય ભૂખ જાગૃત હોય છે. પરિણામે બન્નેનો સંસાર બગડે છે. સ્ત્રી કરતા પુરુષમાં જાતીય ભૂખ વધારે સમય ટકે છે એટલાં માટે બન્નેની ઉંમરમાં તફાવત હોવો જોઈએ.[૨૬]

આપણાં સ્મૃતિકારોએ લગ્ન માટેના ચોકતકસ નિયમો ઘડ ા છે. લગ્ન એ આવશ્યક સંસ્કાર છે. અને તેના નીતિ–નિમયો પણ ઘડ ા છે. વર્તમાન સમયમાં લોકો પોતાની મરજી વિરૂદ્ધ અને આંતરજ્ઞાતીય લગ્ન કરવા લાગ્યા છે. જ ારે આવા લગ્નમાં સફળતાની ટકાવારી ઓછી થવા લાગી છે. આપણાં સ્મૃતિકારોએ કહ્યુ છે કે લગ્ન સવર્ણમાં જ થવા જોઇએ. માતાના પિયરવંશની અની પિતાના ગોત્રની કન્યાનો ત્યાગ કરવો જોઇએ. બહુ પાસેના સંબંધોના પરિણામે પિંડગત શકિતત નાશ પામે છે. લગ્ન કર્યા પછી પુરુષના જીવનમાં ખૂબ જ પરિવર્તન આવે છે. લગ્ન દરેક પુરુષના જીવનનો અગત્યનો સંસ્કાર છે એટલા માટે પરિણયો શાસ્ત્રીય દષ્ટિએ થવા જોઇએ.

૩. **પરિણય સામાજિક દષ્ટિકોણ :**

પરિણય સંસ્કાર એ માનવના જીવનમાં કરવામાં આવતો મહત્વનો સંસ્કાર છે. પરિણય થકી જ પુરુષ પોતાના જીવનમાં દિવ્યતા પ્રાપ્ત કરી શકે છે. ભારતીય સંસ્કૃતિમાં પરિણયને ખૂબ જ આદરથી જોવામાં આવે છે. એટલાં માટે ઋષિમૂનિઓએ પરિણય સંસ્કારને આવશ્યક બનાવ્યો છે. પુરુષનું જીવન પરિણય સંસ્કાર પછી જ બદલાયેલું લાગે છે તેના જીવનમાં નવો સંચાર લગ્ન પછી જ આવે છે. આપણાં પૂર્વજો પણ લગ્નને મહત્વનો સંસ્કાર માનતા હતો માનવના જીવનમાં ઘણાંબધા સંસ્કાર કરવામાં આવે પણ આ સંસ્કારથી પુરુષની દિવ્યતામાં વધારો થાય છે.

પરિણયને સમાજ આદરની નજરે જુએ છે. સમાજ પરિણય સંસ્કારનું સન્માન કરે છે. પરિણય તરફ દરેક લોકો સહાનુભૂતિ ધરાવે અને તે પરિણયનાં ઉત્સવમાં તન, મન અને ધનથી ભાગ લે છે. પરિણય થકી જ માનવની સમાજમાં કિંમત વધે છે. પરણિત પુરુષનો સમાજમાં કંઇક અલગ જ મોભો હોય છે. લોકો તેના પ્રત્યે વિ  ાસની ભાવનાથી જૂએ છે. તથા લોકો તેને એક જવાબદાર વ્યકિતત તરીકે ઓળખે છે. આવા પરિણયો પાછળ સામાજિક દષ્ટિકોણ છૂપાયેલો હોય છે.

પરિણય પાછળ સામાજિક દષ્ટિકોણ રહેલો છે. સમાજને માન્ય હોય તેવા તથા પ્રાચીન શાસ્ત્રોએ બતાવેલા નિમયો પ્રમાણે લગ્ન સંસ્કાર યોજવામાં આવે છે. પરિણય એટલે તન અને મનનું મિલન. લગ્ન પછી દરેક પુરુષની કૌટુંમ્બિક સામાજિક જવાબદારી આવે છે અને તે જવાબદારી સ્વીકારવા માટે તે તૈયાર પણ થાય છે. પ્રાચીન ઋષિમૂનિઓએ ખૂબ જ લાંબો વિચાર કરીને લગ્ન સંસ્કાર આપ્યો છે. શ્રેષ્ઠ સમાજવ્યવસ્થા નિર્માણ કરવા માટે શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે પરિણયો યોજાવા જોઇએ અને તે આપણાં સ્મૃતિકારોએ ખૂબ જ લાંબો વિચાર કરીને લગ્ન સંસ્થાને નિર્માણ કરી છે. આમ પરિણયની પાછળ સામાજિક દષ્ટિકોણ રહેલો છે.

પરિણય સંબંધ એ શાસ્ત્રીય દષ્ટિએ સુઆયોજીત પ્રક્રિયા છે. જીવનમાં સુયોગ્ય રીતે ગોઠવાઇ જવાની કલા એ જ સફળ જીવનની ચાવી છે. લગ્ન કરવા માટે પણ યોગ્ય લાયકાત જોઇએ. ગમે તે પુરુષ ઉંમરમાં મોટો દેખાય એટલે તેના લગ્ન થતા નહીં. પ્રાચીન કાળમાં તપોવનમાં જીવન માટેનું સુયોગ્ય શિક્ષણ લીધેલા યુવાનો અને યુવતીઓને લગ્નને માટે લાયક ગણવામાં આવતા હતા. લગ્ન કરવા માટે જીવનમાં યોગ્ય પ્રકારના અમુક ગુણોની આવશ્યકતા રહેતી. શારીરિક સૌષ્ઠવ, ભાવવાહી અને પ્રતિકારક્ષમ મન, વિચારશીલ બુદ્ધિ તથા સદ્‌ગુણોનો વૈભવ જેમની પાસે છે એવા લોકોનાં લગ્ન થતાં હતા.

પ્રાચીનકાળમાં તપોવન પદ્ધતિનું શિક્ષણ હતુ. ત્યારે તપોવનમાંથી શિક્ષણ પ્રાપ્ત કરીને આવતો યુવાન તેજસ્વી જ હતો અને તે સર્વગુણ સંપન્ન હોય એટલા માટે તે સુખેથી ગૃહસંસાર માંડતો. તપોવનમાંથી બહાર પડતો યુવાન સૂર્ય સમાન તેજસ્વી લાગતો જ ારે યુવતી પણ ખૂબ જ પ્રભાવી લાગતી હોય છે. આવા તેજસ્વી લોકોનું મિલન એટલે પરિણય સંસ્કાર.

ભારતીય સંસ્કૃતિ દિવ્ય છે. તેમનું સાહિત્ય પણ એટલું અગાધ છે કે માણસને ડગલે ને પગલે તેમાંથી માર્ગદર્શન મળતું રહે. શ્રેષ્ઠ સંસ્કાર પામેલા લોકો પોતાના સંસારને પણ દિવ્ય અને ઉચ્ચ બનાવે છે. આવા લોકોના જીવનમાં સતત વહેતો રહેલો પ્રેમ એ એમને પ્રભુની કૃપાનું ફળ લાગે છે; અને આવા લોકોનો સંસાર સાચા અર્થમાં ધન્ય ગૃહસ્થાશ્રમ બને છે. શ્રેષ્ઠ સંસાર બનાવવા માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરવા પડે છે. વર્તમાન સમયમાં લોકોના સંસાર સ્વાર્થ ખાતર અને માંડ માંડ જીવતા રહેલા છે ત્યારે આપણાં ભારતીય પ્રાચીન લોકોના જીવન તપાસો તો તે ગૃહસંસારની બાબતમાં સમૃદ્ધ હતા. તેનું એક માત્ર કારણ એ હતું કે તે સમયના પરિણય સંબંધો શાસ્ત્રીય માન્ય હતા, અને શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે સવર્ણ લગ્ન સંબંધો થતા હતા.

પરિણયમાં પુરુષ કરતા સ્ત્રીનું મહત્વ વધારે રહેલું છે એટલા માટે સ્ત્રીને ઉચ્ચ સ્થાન આપવામાં આવે છે. સ્ત્રીએ પોતાનું જીવન પુરુષમાં ભેળવી નાખવાનું છે. પરિણય એટલે પુરુષના કર્તૃત્ત્યવ અને સ્ત્રીનાં સમર્પણનું સુભગ મિલન ! નદી જેમ પોતાના રંગ, આકાર, રૂપ તથા સ્વાદને ત્યાગીને સાગરમાં ભળી જાય છે તેમ સ્ત્રી પણ પોતાનું સમગ્ર વ્યકિતતત્વ પુરુષમાં ભેળવી નાખે છે. દુધમાં સાકર ભળી ગયેલી દેખાતી નથી તેમ સ્ત્રી પણ ગુપ્ત રીતે રહીનેપુરુષના જીવનની મધુરતા વધારે છે. પુરુષના જીવનમાં રહેલા ખાલીપાને ભરી દે છે એટલા માટે કદાચ તેને ભાર્યા કહેવાતી હશે.

પરિણયને શાસ્ત્રીય બનાવવામાં આપણાં પ્રાચીન ઋષિમૂનિઓનો મહત્વનો ફાળો છે. પરિણય પાછળ એક ચોકતકસ ધ્યેય રહેલું છે. પતિના તેજની સામે નમવામાં સ્ત્રીને આનંદ આવવો જોઇએ. પત્ની કેવળ ભોગ ભોગવવા માટે નથી. તેનું સન્માન કરવામાં પુરુષને પ્રસન્નતા થવી જોઇએ. સમાજમાં પતિ–પત્નીના સંબંધો પ્રેમની ઉષ્માથી યુકતત, ભાવની ભીનાશથી ભરેલા, વિ ાસપૂર્ણ અને સંશયથી પર હોવા જોઇએ. પરિણય એ આજીવન સાથે રહેવાનું વ્રત છે. દીક્ષા છે. આમ જો શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે સમાજમાં પરિણયો ગોઠવાય તો સંસાર દિવ્ય બને અને તે આપણા પ્રાચીન શાસ્ત્રકારોની દષ્ટિ હતી.

સમાજને સુસંસ્કૃત બનાવવો હોય તેમાં ગુણો અને તેજ ટકાવવા હોય તો મનુએ કહેલ પદ્ધતિ પ્રમાણે લગ્નો ગોઠવવા જોઇએ. સ્ત્રી પુરુષ માટે શું યોગ્ય છે અને શું અયોગ્ય છે તથા વર્ણ, જાતિ, લોહી, સ્ત્રીપુરુષના યોગ્ય અયોગ્ય સંબંધોનો વિચાર કરીને જે કાંઇ નિમયો આપણે ત્યાં કરવામાં આવ્યા છે તેની પાછળ કેટલી દીર્ઘદષ્ટિ હશે. મનુએ આપણાં સમાજમાં ઉત્કૃષ્ટ સમાજવ્યવસ્થા નિર્માણ કરી છે. આવી ચાતુર્વણ્યવ્યવસ્થા એ પૂર્ણ શાસ્ત્ર છે. લોકોને શું ગમે છે તે જોઇને નહિ, પરંતુ હજારો વર્ષનું સમાજનું ભવિતવ્ય ધ્યાનમાં લઇને આપણા સમાજશાસ્ત્રીઓએ નિયમો ઘડ ા છે તેથી તે નિયમો સમાજે અપનાવવા જોઇએ અને તેનું પાલન કરવું જોઇએ.

શાસ્ત્રકારોએ લગ્ન માટેના આવશ્યક નિયમો ઘડ ા છે તથા તે પ્રમાણે લોકોને જીવનમાં અપનાવવા માટે પણ કહ્યુ છે. શાસ્ત્રકારોનો એક મત એવો પણ છે કે સ્ત્રી અથવા પુરુષે અપરણિત ન

રહેવું જોઇએ. જે પુરુષે લગ્ન ન કરવા હોય તેણે અરણ્યમાં જઇને રહેવું જોઇએ. પુરુષની કામવાસના ઉપર બંધન મુકાવું જોઇએ. સમાજમાં રહેવું હોય તેનું અસ્તિત્ત્યવ ટકાવવું હોય તો કામવાસના ઉપર બંધન મુકાવું જોઇએ અને તે માટે વિવાહ સંસ્થા છે. સ્મૃતિકારોના નિમયો સાચા છે એ કહેવાની હિંમત આવવી જોઇએ અને તે મુજબ વાસના પર બંધનો મૂકવાં જ પડશે. માણસના મન ઉપર બંધન મૂકતયા વગર ચાલી શકે નહિ. કારણ કે જેમ અગ્નિમાં ઘી નાંખવાથી તે વધુ પ્રજ્વલિત થાય છે તેમ ભોગ ભોગવવાથી કામના શાંત થતી નથી, ઉલટાની વધુ પ્રજ્વલિત થાય છે.[૨૭]

લગ્નમાં ચોકતકસ રીતે સામાજિક દષ્ટિકોણ રહેલો છે. તેના દરેકે–દરેક પાસાને સામાજિક દષ્ટિએ ચકાસવા જોઇએ. કામશાસ્ત્ર, સુપ્રજનશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ઉત્ક્રાંતિ વગેરે એમ બધી વાતોનો યોગ્ય વિચાર કરીને સમાજશાસ્ત્ર ભું થાય છે. ઇન્દ્રિય સુખનું નિયંત્રણ કરીને તેના પર ધર્મની મહોર મારવી પડશે તથા સ્ત્રીપુરુષના સંબંધને પવિત્ર રૂપ આપવું પડશે. આ બધી જ જવાબદારી સમાજશાસ્ત્રીની છે. કામનાને ટાઇમ પાસ તથા મોજમસ્તી ન બનવા દેતાં તેમાં એક પવિત્ર ભાવના જગાડવાની ફરજ સમાજશાસ્ત્રની છે. કામવિકારને પવિત્ર સમજીને ચાલશો તો જ સમાજ ઉત્ક્રાંત થશે. દરેક સ્ત્રી–પુરુષે એકબીજાને પરસ્પર ભોગનું રમકડું ન સમજતા પવિત્ર ગણવા જોઇએ. સમાજમાં આ ભાવના કેળવવાનું કાર્ય સમાજશાસ્ત્રીનું છે.[૨૮]

ભારતીય સમાજ અને પાશ્ચાત્ય સમાજમાં ખૂબ જ ભિન્નતા રહેલી છે. આપણે પરિણયને શાસ્ત્રીય દષ્ટિએ જોઇએ છીએ જયારે તે ફકતત વાસના અને ઉપભોગની નજરથી જુએ છે. મનુ કહે છે તે પ્રમાણે કામનાને પવિત્ર નજરથી જુઓ. પતિ–પત્ની વચ્ચે ત્યારે જ એક વિશિષ્ટ સંબંધ નિર્માણ થશે નહિંતર બન્ને વચ્ચે સ્વાર્થનો સંબંધ નિર્માણ થશે. આપણાં પ્રાચીન શાસ્ત્રકારોએ કેવી સરસ, અદ્‌ભુત સમાજવ્યવસ્થા નિર્માણ કરી છે. સમાજ ખરાબ વૃત્તિથી દોરવાઇ ન જાય તે માટે લગ્ન સંસ્થા નિર્માણ કરી અને આવી રીતે અસંખ્ય વર્ષો સુધી ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખવાનું કાર્ય કર્યું છે. ભોગ–કામનાને નિયંત્રિત રાખવી પડે અને જો તે નિયંત્રિત ન હોય તો સમાજમાં વ્યભિચાર વધે એ માટે થઇને સમજુ શાસ્ત્રકારોએ લગ્નસંસ્થાનું નિર્માણ કર્યું અને કામ–ભોગને પવિત્ર રૂપ આપ્યુ. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાન યોગે રે કહ્યુ છે – ‘‘સર્વ જીવોમાં ધર્મને અનુકૂળ એટલે કે શાસ્ત્રને અનુકૂળ કામ છું.’’[૨૯]

દરેક હિન્દુ માટે પરિણય કરવા અનિવાર્ય છે. કારણ કે ધાર્મિક કાર્યો કરવા માટે દંપતિની જરૂર પડે છે અને તે કાર્ય કરવા માટે પરિણય એટલે કે લગ્ન કરવા આવશ્યક છે. પત્ની વગર સામાજિક કે ધાર્મિક કાર્યો પૂરાં કરી શકાતાં નથી. કેટલાંક કાર્યો સામાજિક વ્યવસ્થાના મહત્ત્યવના અંગ માનવામાં આવે છે. માણસે મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો યજ્ઞ કરવો પડે છે અને યજ્ઞમાં પત્નીની જરૂર પડે છે. હિન્દુ સમાજમાં લગ્નને ગૃહસ્થાશ્રમનું પ્રવેશદ્વાર કહ્યુ છે. ગૃહસ્થાશ્રમ પ્રાપ્ત કરીને ધર્મ અનુસાર અર્થ તથા

કામને પૂર્ણ કરીને પુરુષ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આમ, ભારતીય પરંપરા પ્રમાણે પુરુષે ધર્મ, અર્થ, કામ, મોક્ષ તથા સંતાન ઉત્પત્તિ વગેરે કાર્યો કરવા માટે દરેક હિન્દુ પુરુષે લગ્ન કરવા આવશ્યક છે.[૩૦]

પરિણયની પાછળ સામાજિક દષ્ટિકોણ રહેલો છે. સમાજમાં વિવિધ કાર્યોની પૂર્તિ કરવા માટે લગ્ન સંસથનું નિર્માણ કરવામાં આવ્યુ છે. તે દરેક કાર્યો પુરુષ એકલા રહીને ન કરી શકે તે માટે આપણાં પ્રાચીન શાસ્ત્રકારોએ લગ્ન સંસ્થાનું નિર્માણ કર્યું છે.

**૧. ધાર્મિક કાર્યો પૂર્ણ કરવા માટે :–**

ભારત દેશ ધાર્મિકતાનું સમર્થન કરતો દેશ છે. ભારતના પ્રત્યેક માણસો ધાર્મિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા જોવા મળે છે. હિન્દુ સમાજમાં પ્રાચીન કાળથી લઇને આજ સુધી માણસના જીવનમાં ક ંક ધર્મ સંકળાયેલો છે. બાળપણમાં ગુરૂના આશ્રમે ભણવા જવાથી શરૂ કરીને યુવાન થતા ગૃહસ્થાશ્રમના પ્રવેશ સુધી ધર્મ જોડાયેલો છે. ધર્મ એ હિન્દુ સમાજનો આધારસ્તંભ છે. ધર્મનું પાલન કરવું તે દરેક હિન્દુની પ્રથમ ફરજ ગણાય છે. બાળક વિદ્યાભ્યાસ પૂર્ણ કરીને ગુરૂની આજ્ઞાથી તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. ગૃહસ્થ ધર્મનું પાલન પણ તે સાથે સાથે કરે છે. ગૃહસ્થ ધર્મમાં બાળકો તથા પત્નીનું પાલન–પોષણ, અતિથિનો સત્કાર, સમાજની સેવા સાધુસંતોની સેવા, માતાપિતાની સેવા તથા આદર્શ ગૃહસ્થાશ્રમ બનાવીને સમાજમાં તેનું શ્રેષ્ઠ ઉદાહરણ પ્રસ્થાપિત કરવાનું હોય છે.

પુરુષે જીવનપર્યન્ત કેટલાંક ધાર્મિક કર્તવ્યો પતિ–પત્નીએ સાથે મળીને પૂરાં કરવાં પડે છે. એકલા પુરુષની કે એકલી સ્ત્રીથી તે થઇ શકે નહી. ધાર્મિક કાર્યોમાં સૌથી મહત્વનું કાર્ય પંચ મહાયજ્ઞ છે. તેમાં બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને અતિથિયજ્ઞ આવે છે. આ પંચ મહાયજ્ઞને પૂરા કરવા પડતા હતા. આવા યજ્ઞોમાં જે સ્ત્રી બેસે તેને જ પત્ની કહેવામાં આવતી હતી. યજ્ઞ કરવામાં સહધર્મચારિણી પત્નીની જરૂર પડે છે એટલા માટે તો ભગવાન શ્રીરામે સીતાની અનુપસ્થિતિમાં તેની સોનાની મૂર્તિ રાખી હતી. આમ ડગલેને પગલે સ્ત્રીની ધાર્મિક કાર્યોમાં જરૂર પડતી હતી. આપણાં પ્રાચીન સ્મૃતિકારોએ શ્રેષ્ઠ દામ્પત્યજીવન બને અને પતિ તથા પત્ની એકબીજા સાથે પ્રેમથી રહે તે માટે સમાજમાં ઘણીબધી પ્રવૃતિઓ નિર્માણ કરી છે.

ભારતીય સંસ્કૃતિ તેની ધાર્મિક પ્રવૃતિઓને કારણે જ વિ માં પ્રસિદ્ધ બની છે. અસંખ્ય પ્રકારના યજ્ઞો દ્વારા ધાર્મિક જીવન પુષ્ટ થયું છે. યજ્ઞોમાં વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવામાં આવતી હતી. પંચ મહાયજ્ઞોમાં બ્રહ્મયજ્ઞ એટલે વેદોનું પઠનપાઠન કરવામાં આવતુ હતું. આ યજ્ઞ કરવાથી ઋષિઓનાં ઋણમાંથી મુકિતત મેળવી શકતી હતી. ત્યારપછી દેવયજ્ઞમાં વિભિન્ન દેવતાઓને આહુનિ આપવામાં આવતી હતી, તેનાથી દેવ–ઋણમાંથી મુકિતત મળતી હતી. પિતૃયજ્ઞમાં મૃત પૂર્વજોને અન્ન–જળ આપી તેમનું તર્પણ કરવામાં આવતું, તેમને પિંડદાન આપવામાં આવતુ. આ પિતૃયજ્ઞમાં તર્પણ, પિંડદાનનું કાર્ય

ફકતત પુત્ર જ કરી શકતો હોવાથી પુત્રને જન્મ દેવો આવશ્યક ગણાતું અને પુત્રપ્રાપ્તિ માટે લગ્ન કરવું આવશ્યક છે. આ પિતૃયજ્ઞ દ્વારા પિતૃતર્પણમાંથી મુકતત થવાય છે. ભૂતયજ્ઞ ભટકતા પ્રેતાત્માઓની મુકિતત માટે કરવામાં આવતો. ભોજનનો કંઈક ભાગ તેમને સંતુષ્ટ કરવા માટે આપવામાં આવતો હતો. અતિથિયજ્ઞમાં ઘેર આવેલા મહેમાનનો આદર–સત્કાર કરવામાં આવતો હતો.

પરિણયને શાસ્ત્રીય દષ્ટિએ તપાસીએ ત્યારે ખબર પડે કે આપણાં સ્મૃતિકારોએ કેટલું સરસ આયોજન કર્યું છે. દરેક બાબત પુરુષના જીવન સંગત હતી અને ડગલેને પગલે તે માણસને ઉપયોગી પણ બનતી હતી. સ્મૃતિકારોએ ધર્મને લગ્નનો પ્રથમ સર્વોચ્ચ ઉદ્દેશ માન્યો અને સંતાનપ્રાપ્તિને બીજું સ્થાન આપ્યું છે. લગ્ન પાછળનો સમાજનો દષ્ટિકોણ જાતીય સંતોષ પૂર્ણ કરવાનો ન હતો પરંતુ ધાર્મિક ક્રિયાઓ પૂર્ણ કરવાનો તેનો મુખ્ય ઉદ્દેશ હતો. લગ્ન સમયે યજ્ઞનો પવિત્ર અગ્નિ સળગાવી રાખાવામાં આવતો હતો અને પોતાની પત્નીને પણ સાથે રાખીને પંચ–મહાયજ્ઞમાં આહુતિ આપવાનું પતિનું મુખ્ય કર્તવ્ય હતુ. આમ પરિણયનો મુખ્ય ઉદ્દેશ ધાર્મિક કાર્યો કરવા માટે હતો.

પરિણય સંસ્કારની પાછળ સ્મૃતિકારોનો અથાગ પરિશ્રમ હતો અને તેને સફળ બનાવવા માટે નીતિ–નિયમો પણ સૂચવ્યા હતા. પરિણય એક ધાર્મિક સંસ્કાર પણ છે. લગ્ન અને જીવનમાં ધાર્મિક કાર્યોના આટલા બધા મહત્વને કારણે પત્નીને ‘ધર્મપત્ની’ કહેવામાં આવે છે. ધર્મપત્ની જ યજ્ઞીય કાર્યોમાં સાથ–સહકાર આપી શકે છે. તે કાર્યમા પત્નીનું યોગદાન મહત્વપૂર્ણ ગણાય છે. પત્ની પતિનું અર્ધાંગ છે, તેથી જ i સુધી પુરુષ પત્ની પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી તે પૂર્ણ થતો નથી. પુરુષ વગર સ્ત્રી અધૂરી છે અને સ્ત્રી વગર પુરુષ અધૂરો છે. જીવનમાં સ્ત્રી અને પુરુષનું સરખું જ મહત્વ રહેલું છે. પરિણય સંસ્કાર દ્વારા સ્ત્રી અને પુરુષ પૂર્ણ બને છે.

માનવજીવનને તથા સમાજને ટકાવી રાખવો તે દરેક પુરુષની ફરજ છે. હિન્દુ શાસ્ત્રો અને ભારતીય પરંપરાઓ પ્રમાણે અનેક ધાર્મિક કર્તવ્યો પૂર્ણ કરવા માટે પતિ અને પત્ની આમ બન્નેનું હોવું આવશ્યક છે. સ્ત્રી બધી જ ધાર્મિક ક્રિયાઓનો આધાર છે. સમાજને પ્રગતિશીલ બનાવવો કે અધોગતિ તરફ દોરી જવો તે સ્ત્રી અને પુરુષ બન્નેના હાથમાં છે. ભગવાને આપણને પૃથ્વી ઉપર ઉત્પન્ન કરીને બહુ મોટી જવાબદારી પણ આપી છે. પ્રત્યેક પુરુષ અને સ્ત્રીને કંઇને કંઇ જવાબદારીઓ આપી છે. તે જવાબદારીને નિભાવીને સમાજનું સંચાલન કરવાનું છે. આમ, પરિણયનો સામાજિક દષ્ટિકોણ ધાર્મિક કાર્યો પૂર્ણ કરવાનો છે.

**૨. સંતાન પ્રાપ્તિ માટે :**

પરિણય પાછળ સ્મૃતિકારોના અસંખ્ય દષ્ટિકોણ રહેલા છે. સંતાનપ્રાપ્તિ પણ એક સામાજિક દષ્ટિકોણ છે. પૃથ્વીને અવિરત સજીવન રાખવા માટે તથા તેના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પૃથ્વી

ઉપર વૃક્ષ, વનસ્પતિ, નદી–પર્વત, પશુ–પંખી અને માનવજાતની જરૂરિયાત રહે છે. આ બધાનું નિયમન, સંચાલન કરવા માટે માનવની જરૂર પડે છે. એટલા માટે માનવની વસ્તી જળવાઇ રહે તે માટે સ્મૃતિકારોએ વિશિષ્ટ પ્રકારની સમાજવ્યવસ્થા નિર્માણ કરી છે. પરિણય સંસ્કાર દ્વારા સંતાન ઉત્પત્તિ થાય છે. આ સંતાન ઉત્પત્તિથી સમાજ અને સૃષ્ટિની નિરંતરતા ચાલુ રહે છે. એટલા માટે સંતાનની ઉત્પત્તિને માનવનો ધર્મ કહ્યો છે. સંતાનની ઉત્પત્તિમાં પણ પુત્ર શ્રેષ્ઠ છે કારણ કે પુત્રની પ્રાપ્તિને મોક્ષમાર્ગ કહ્યો છે. આમ લોકો મોક્ષપ્રાપ્ત કરવા માટે પુત્રની ઝંખના રાખે છે.

સમાજમાં લોકોની પ્રતિષ્ઠા જળવાઇ રહે અને તેની કીર્તિ ચારે બાજુ ફેલાય તેટલા માટે શ્રેષ્ઠ પુત્ર રત્નની માંગણી કરે છે. ઋગ્વેદમાં અનેક સૂકતતોમાં પુત્રની પ્રાપ્તિ થાય તેવી સ્તુતિ કરવામાં આવી છે. – ''હે અગ્નિ હું સંતાનો દ્વારા અમરત્વ ભોગવું.'' એમ પ્રાર્થના કરી છે. લગ્ન સમયે વર વધૂને કહે છે હું ઉત્તમ સંતાનો માટે તારું પાણિગ્રહણ કરું છું. પિતૃઋણથી મુકતત થવું એ અનિવાર્ય છે એટલે લગ્ન કરીને ઉત્તમ સંતાન પ્રાપ્ત કરવું. લગ્ન સમયે બ્રાહ્મણ પતિ–પત્નીને દસ સંતાનો પ્રાપ્ત કરજો એવા આશિર્વાદ આપે છે. સંતાન ઉત્પન્ન કરનાર પુરુષને આધ્યાત્મિક કહેવામાં આવ્યો છે.

હિન્દુ સમાજમાં પુત્રનું સ્થાન વિશેષ મહત્વનું છે. કુટુંબમાં પુત્રનું સ્થાન એટલું ંચુ રાખવામાં આવ્યુ હતું કે જેથી સંતાનની પ્રાપ્તિ કરવી એ કુટુંબના હિતમાં એક ફરજ ગણવામાં આવતી. પુત્ર જ સમાજને નવી રાહ બતાવી શકે અને સ્ત્રી ન બતાવી શકે તે એક ભ્રાંત કલ્પના છે. શાસ્ત્રમાં કતયાંય પણ સ્ત્રી–પુરુષની તુલના કરવામાં આવી નથી. સ્ત્રી અને પુરુષ બન્ને મહાન છે છતાં પણ મૃત પૂર્વજોનું શ્રાદ્ધ પુત્ર જ કરી શકે. પૂર્વજોને પુત નામના નરકમાંથી બચાવે તે પુત્ર. આ પુત્ર જો શ્રાદ્ધ વિધિ કરે તો પૂર્વજોને સ્વર્ગ મળે છે. આવું ધર્મશાસ્ત્રોમાં વિધાન છે. સપ્તપદીમાં પણ પુત્ર પ્રાપ્ત કરવાની વાત આવે છે. પ્રથમ પગલું ભરતી વખતે વર વધૂને કહે છે કે આપણે બંને મળીને ઘણા પુત્રો પ્રાપ્ત કરીએ. જે પુત્રો વૃદ્ધાવસ્થા સુધી જીવિત રહે. આ વિધાનમાં પણ પુત્રનું મહત્વ અને પુત્ર દ્વારા થતી વિવિધ ક્રિયાઓ સૂચવાઇ છે.

ભારતીય સમાજમાં પુત્રને ખૂબ જ મહત્વ આપવમાં આવે છે. તેમાં સ્ત્રીની ઉપેક્ષા કરવામાં આવી નથી. સ્ત્રીને પણ પ્રાચીન સમયમાં મહત્વ આપવામાં આવતું હતુ. પ્રાચીન કાળમાં સ્ત્રી પૂજનીય હતી. દરેક લોકો સ્ત્રીને આદર ભાવથી જોતા હતા. પ્રાચીન સ્ત્રીઓ બહાદુર પણ હતી અને શિક્ષિત પણ હતી. આના ઉપરથી સાબિત થાય છે કે સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતું હતુ. રામકાળમા સ્ત્રીને ખૂબ જ આદરભાવ આપવામાં આવતો હતો. સ્ત્રીઓ પોતાની રીતે સ્વતંત્ર હતી અને તે સમાજમાં પોતાનો મત રજૂ કરી શકતી હતી. સ્મૃતિકારોએ પણ કહ્યુ છે કે સ્ત્રીનું સન્માન કરવાથી તે કુટુંબ સુખી થાય છે. મનુસ્મૃતિમાં મનુએ કહ્યુ છે કે – જયાં સ્ત્રી પૂજાય છે ત્યાં દેવો રમે છે ; પણ જયાં તેઓ પૂજાતી નથી; ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફળ થાય છે.[31]

ભારતીય સમાજમાં સંતાન–પ્રાપ્તિને મોટો આદર્શ કહ્યો છે. સંતાને ત્રણે વેદ અને સદા ટકી રહેનાર દેવતા પણ કહે છે, કારણ કે એક સંતાન બીજા સંતાનને જન્મ આપે છે. આમ આ પરંપરા નિરંતર ચાલુ જ રહે છે. આ સંતાનરૂપી દેવતાનું અસ્તિત્વ સદાય રહે છે તથા સૃષ્ટિ ટકી રહે છે. આમ જોતા સમાજમાં સંતાનની ઉત્પત્તિને મહત્વનું ગણવામાં આવ્યુ છે. સ્મૃતિશાસ્ત્રોએ પણ સંતાનના જન્મને મહત્વનો ઉત્સવ ગણાવ્યો છે. સમાજનું અસ્તિત્વ ટકાવી રાખનાર સંતાન જ છે. સંતાનના જન્મને લોકો ધામધૂમથી ઉજવે છે. છતાં પણ સ્ત્રીનું મહત્વ ઓછું આંકવામાં આવ્યુ નથી. સ્ત્રી પણ તે વંશને આગળ વધારવામાં એટલી જ મદદરૂપ છે. સમાજમાં સ્ત્રી અને પુરુષનું સરખું જ મહત્વ છે.

**૩. કામવાસનાની તૃપ્તિ માટે :**

મનુષ્યમાં રહેલી કામ–વાસના સહજ બાબત છે. તે એક કુદરતી ઘટના છે. લગ્ન સંસ્થા વિકસાવીને મનુષ્યે આ કુદરતી ક્રમને સામાજિક સ્વરૂપ આપીને આ વૃત્તિનું નિયમન કર્યું છે. સમાજનું સ્થૈર્ય અને પૃથ્વીનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે સ્ત્રી–પુરુષ વચ્ચે ઇ રે આ કુદરતી ક્રિયાનું નિયમન કર્યું છે. સ્ત્રીપુરુષે એકબીજાને પરસ્પર ભોગનું સાધન ન માનતાં પવિત્ર ગણવાં જોઇએ. તે માટે થઈને કામ–વાસના ઉપર ધાર્મિક મહોર લગાડવી પડશે. આ કુદરતી ક્રિયાને ધર્મ સાથે જોડી દેવામાં અવાી છે. તેથી તેમાં પવિત્ર દષ્ટિ નિર્માણ થાય. દરકે સમાજમાં દરેક સંસ્કૃતિમાં કામ–વાસનાનો વિચાર કરવામાં આવ્યો છે. તથા દરેક સમાજે તેને પવિત્ર રૂપ આપીને તેનો આદર–સત્કાર પણ કર્યો છે.[૩૨]

દરેક પુરુષની અંદર રહેલી વૃત્તિઓમાં કામવૃત્તિ સહજ બાબત છે. તે વૃત્તિનાં સંતોષ માટે આપણાં પૂર્વજોએ લગ્ન સંસ્થાનું નિર્માણ કર્યું છે. કામવૃત્તિમાં ફળસ્વરૂપે પ્રજા ઉત્પન્ન થાય છે તેના દ્વારા જાતિનું અને સમાજનું સાતત્ય જળવાઇ રહે છે. લગ્ન સંસ્થા વિકસાવીને મનુષ્યે આ કુદરતી પ્રયત્ન કર્યો છે. આવુ જો નિયમન કરવામાં ન આવે તો સ્ત્રી–પુરુષ વચ્ચે કેવળ જાતીય સ્વેચ્છાચાર જ પ્રવર્તતો હોત અને વિકાસશીલ સમાજરચના સંભવી ન હોત. આમ, આપણાં સમજુ અને વિચારશીલ પૂર્વજોએ ભવિષ્યનો ખૂબ લાંબો વિચાર કરીને આ સંસ્થાનું નિર્માણ કર્યું છે. દરેક પશુ–પંખીને આ વૃત્તિ સહજ છે પણ તે અનિયંત્રિત છે. જ ારે માણસની કામ વૃત્તિ માટે નિયમો છે અને સમાજમાં વ્યભિચાર ન ફેલાય તે માટે તેના નીતિ–નિયમો પણ બનાવવામાં આવ્યા છે.

ભારતીય સંસ્કૃતિમાં માનવજીવનનાં ચાર પુરૂષાર્થો દર્શાવવામાં આવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેમાં કામને ત્રીજું સ્થાન આપવામાં આવ્યુ છે. કામના એટલે વાસના કે ભોગો ભોગવવા તે નહી પણ ધર્મને અનુકૂળ કામની તૃપ્તિની વાત કરવામાં આવી છે. આવી રીતે કામને ધર્મનું રૂપ આપવામાં આવ્યુ છે. સમાજનું અને પૃથ્વીનું અસ્તિત્વ ટકાવવા માટે સ્ત્રી–પુરુષના સંબંધને કાયદેસરની માન્યતા આપવામાં આવી છે. આ નિયમથી સ્ત્રી–પુરુષનું માનવીય સંતુલન ટકી રહે છે. આપણાં પ્રાચીન સ્મૃતિકારોનો કેટલો દિવ્ય અને ઉદાત કર્મયોગ છે. તેમણે સમાજની સ્થિરતાની અને સમાજના વિકાસ

માટે દરેક બાબતનો ખૂબ જ ઝીણવટથી વિચાર કર્યો છે અને તેને સમાજ સમક્ષ પ્રસ્તુત પણ કર્યો છે. આમ લગ્નસંસ્થા માનવજીવનને ટોચ સુધી લઇ જવા માટે સહાયરૂપ બને છે.

ભારતીય સંસ્કૃતિમાં લગ્નનો મુખ્ય ઉદેશ કામવાસનાની તૃપ્તિ નથી. કામ–વાસનાને તો ચાર પુરુષાર્થોમાં ત્રીજા નંબર ઉપર મૂકવામાં આવ્યુ છે. લગ્નનો બહુ જ મોટો સામાજિક દષ્ટિકોણ રહેલો છે. પોતાની જીવનની દરેક ધાર્મિક ક્રિયા પૂરી કરવા માટે પુરુષને સ્ત્રીની આવશ્યકતા પડે છે એટલા માટે તેણે ધાર્મિક વિધિ અનુસાર લગ્ન કરવા પડે છે. પુરુષ એકલો કોઇપણ કાર્ય કરી શકતો નથી એટલા માટે પત્નીના સાથને મહત્ત્યવનું ગણવામાં આવ્યુ છે. લગ્નનો એક સામાજિક દષ્ટિકોણ સંતાન ઉત્પત્તિનો પણ છે. સંતાન દ્વારા પણ પુરુષ ઘણાંબધા સામાજિક કાર્યો કરી શકે છે. ધાર્મિક સંસ્કારો પૂર્ણ કરવા માટે સંતાનની આવશ્યકતા પડે છે. આપણાં સ્મૃતિકારોએ નિયમબદ્ધ રીતે સમાજવ્યવસ્થા નિર્માણ કરી છે અને તેના નિયમો પણ એવી રીતે બનાવ્યા છે કે સમાજમાં કતયારે કોઇ મુશ્કેલી ન સર્જાય. પુરુષની કામ–વાસનાની કુદરતી જરૂરીયાતને ધ્યાનમાં લઇને લગ્ન સંસ્થા નિર્માણ કરી અને તેને ધર્મ સાથે જોડી આપવામાં આવી.

**૪. ઋણોમાંથી મુકિતત :–**

પરિણયનો સામાજિક દષ્ટિકોણ વિવિધ પ્રકારના ઋણોમાંથી મુકતત થવાનો પણ છે. હિન્દુ ધર્મશાસ્ત્રમાં ચાર પ્રકારનાં પુરૂષાર્થો બતાવવામાં આવ્યા છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તથા ત્રણ પ્રકારના ઋણો પણ માણસે પૂર્ણ કરવાના હોય છે. માણસ ત્રણ પ્રકારના ઋણ દેવઋણ, પિતૃઋણ અને ઋષિઋણના ભાર નીચે દબાયેલો છે. તે ઋણમાંથી મુકતત થવા દરેક હિન્દુએ લગ્ન કરવું આવશ્યક છે. વ્યકિતત પોતાના મા–બાપનું સંતાન હોય છે તેથી તેણે પોતાની વંશપરંપરાને ચાલુ રાખવી તેનું કતૃત્ત્યવ બને છે. તે માટે પુત્રનો જન્મ થવો આવશ્યક છે.

**૫. કર્તવ્ય પાલન :–**

દરેક પુરુષને સમાજમાં ઘણાંબધા કર્તવ્ય પાલન કરવાના હોય છે. આ કર્તવ્યોના પાલન કરવા માટે લગ્ન કરવા આવશ્યક છે. પુરુષે પોતાના જીવન દરમ્યાન અસંખ્ય કર્તવ્યો નિભાવવાના હોય છે. દરેક માતા–પિતાને આશા હોય છે કે મારો પુત્ર મારી સેવા કરશે. લગ્ન દ્વારા ઉત્પન્ન થયેલ સંતાને માતા–પિતાની સેવા કરવી, કુટુંબની પરંપરાને જાળવી રાખવી અને ધર્મનું આચરણ કરવું જરૂરી છે. તે માટે જ 'ઉત્તમ' સંતાનોની કામના કરવામાં આવી છે. પુરુષની ફરજ છે કે કૌટુંબિક કર્તવ્યોનું પાલન કરવું અને માતા–પિતાની આશાઓને પૂર્ણ કરવી.

સામાજિક કર્તવ્ય પાલનમાં પોતાના વંશમાં લગ્ન સંબંધો જોડવા અને સમાજની નિરંતરતાને ટકાવી રાખવી. પુરુષે સમાજમાં રહીને સમાજ ઉપયોગી કાર્યો પણ કરવાના હોય છે. સમાજના સાથ અને સહકાર દ્વારા માણસ આગળ વધે છે જ ારે તે પુરુષ મોટો હોય ત્યારે સમાજનું ઋણ અદા કરવાનું હોય છે. આ સામાજિક કાર્યોમાં તેણે પોતાનો સાથ સહકાર આપવાનો હોય છે.

કર્તવ્ય પાલનમાં પુરુષે પોતાના અંગત કર્તવ્યોનું પાલન પણ કરવું જોઇએ. પતિ–પત્નીના પવિત્ર સંબંધો જાળવી રાખીને પોતાના વ્યકિતતત્વનો વિકાસ કરવાનો હોય છે. આપણાં પ્રાચીન સ્મૃતિકારોએ કહ્યુ છે કે પુરુષનો સંસાર ધન્ય બનવો જોઇએ. તેમણે પોતાના લગ્ન જીવનમાં દિવ્યતા નિર્માણ કરવાની હોય છે. પતિ–પત્ની વચ્ચે સ્વાર્થ નહીં પણ સ્નેહનો સંબંધ હોવો જોઇએ. બન્ને એકબીજા માટે થઇને કંઇપણ કરી શકાવાને માટે તૈયાર હોવા જોઇએ. આપણાં શાસ્ત્રોમાં બતાવેલો સુખી સંસાર નિર્માણ કરીને સમાજમાં ઉદાહરણરૂપ બનવાનું હોય છે. પતિ–પત્ની બન્નેએ સાથે મળીને સંતાનનો ઉછેર કરજો જોઇએ અને સંતાનના વિકાસમાં સતત સક્રિય રહેવું જોઇએ.

સામાજિક કર્તવ્ય પાલનમાં વ્યકિતતત્ત્યવનો વિકાસ કરવો પણ આવશ્યક છે. ધર્મશાસ્ત્રો પ્રમાણે હિન્દુ લગ્નનો ઉદ્દેશ વ્યકિતતત્ત્યવનો વિકાસ કરવાનો પણ છે. પરિણય સંસ્કાર દ્વારા સમાજમાં પુરુષની કિંમત વધે છે. સમાજમાં તેની એક સારી છાપ નિર્માણ થાય છે. સમાજની તેના પ્રત્યે કંઇક આશાઓ પણ બંધાયેલી હોય છે. પુરુષે સમાજ પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ રીતે વર્તન કરવાનું હોય છે અને સમાજ તેના પ્રત્યે માન–સન્માન અને આદરથી જુએ છે. લોકો પરિણીત પુરુષને એક જવાબદાર નાગરિક તરીકે જુએ છે. સમાજ તેના પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વર્તન કરે છે.

પરિણય સંસ્કાર થયેલ દરેક વ્યકિતતની ફરજ છે કે તે સમાજ પ્રત્યે સહિષ્ણુ અને ઉદાર બને. સમાજના સાથ સહકાર દ્વારા તે પોતાના વ્યકિતતત્ત્યવને આગળ વધારી શકતયો હોય છે. દરેક પુરુષ ઉપર પોતાના માતા–પિતાનું ઋણ હોય છે તેમ સમાજનું પણ ઋણ હોય છે. પરિણય સંસ્કાર થયા પછી દરેક પુરુષે પોતાના વ્યકિતતત્ત્યવનો વિકાસ સાધવાનો હોય છે. તે પોતાના વ્યકિતતત્ત્યવના આધારે જ સમાજમાં નામના અને કીર્તિ મેળવી શકે છે. વ્યકિતતએ પોતાનું જીવન સુંદર અને આકર્ષક બનાવવાનું હોય છે. તેના જીવનની સુગંધ સમાજમાં ફેલાયેલી હોવી જોઇએ જેનાથી આકર્ષાઇને સામાન્ય માણસ પણ તેની પાસેથી કંઇક પ્રેરણા પ્રાપ્ત કરી શકે. સમાજમાં પુરુષની કિંમત હોવી જોઇએ અને તેના અસ્તિત્વને સમાજ પ્રેમથી સ્વીકારતો હોવો જોઇએ. આમ પરિણયનો સામાજિક દષ્ટિકોણ કર્તવ્ય–પાલનનો પણ છે.

*** હિન્દુ લગ્ન એક સંસ્કાર તરીકે :–**

પૃથ્વી ઉપર હજારો વર્ષોથી માનવોનું અસ્તિત્વ રહ્યુ છે. લોકોનું દિવસે દિવસે પોતાની પ્રવૃત્તિમાં પરિવર્તન આવતું ગયું. ધીમે–ધીમે પુરુષે પૂર્ણ વિકાસ અવસ્થા પ્રાપ્ત કરી લીધી. પ્રાચીન ઋષિમૂનિઓએ લોકોને ઉપયોગી એવા સાહિત્યની રચના કરીને માનવ સમાજ ઉપર ઉપકાર કર્યો છે. લગ્ન તો લગભગ બધા ધર્મના અને સમાજના લોકોમાં થાય છે. તેમાં હિન્દુ લગ્નનું પોતાનું એક વિશેષ મહત્વ અને સ્થાન છે. હિન્દુ લગ્ન પતિ–પત્ની વચ્ચે પારસ્પરિક ફરજો વિશે સેવાતી અપેક્ષાઓ કે નિયમોની દષ્ટિએ જોતાં કોઇ સાધારણ ઘટના, કોઇ કરાર અથવા મૈત્રીપૂર્ણ સમજૂતી નથી કે અસ્થિર બંધન નથી, પણ ધાર્મિક

વિધિવત્ કરવામાં આવેલો એક પવિત્ર સંસ્કાર છે. તેમાં સ્ત્રી અને પુરુષ ધર્મ, સંતાન ઉત્પત્તિ અને રતિ–આનંદના શારીરિક, સામાજિક અને આધ્યાત્મિક ઉદ્દેશોને લઇને સ્થાયી સંબંધમાં બંધાઇ જાય છે. એક વાર આ સંબંધ સ્થાપિત થઇ જતાં તેને સનાતન માનવામાં આવે છે.[33]

સોળ સંસ્કારોમાં લગ્નને એક સંસ્કાર તરીકે સ્વીકારવામાં આવ્યો છે. સંસ્કાર એટલે શુદ્ધિકરણની પ્રક્રિયા વડે વ્યકિતતની સામાજિક સ્થિતિમાં પરિવર્તન લાવવું. જીવનને પવિત્ર તથા વિકાસશીલ બનાવનાર મહત્વનો સંસ્કાર. સંસ્કાર માનવજીવનમાં નિશ્ચિત પરિણામ લાવતી ક્રિયા છે. માનવીના સામાજિક જીવનને યોગ્ય બનાવનારા પરિવર્તનોનું પ્રતીક હોય છે તથા જેના દ્વારા સંસ્કાર દિક્ષિત વ્યકિતતને સામાજિક સ્તર વિશેષ પ્રાપ્ત થાય છે. ગર્ભાધાનથી માંડીને મૃત્યુ અને તેના પછી પણ અનેક સંસ્કાર માનવામાં આવ્યા છે. લગ્નને બધાએ એક આવશ્યક સંસ્કાર માન્યો છે. લગ્ન સંસ્કાર વગર મનુષ્યનો ધાર્મિક, સામાજિક અને આધ્યાત્મિક પ્રગતિ થતી નથી.

ભારતીય સંસ્કૃતિ હિન્દુ લગ્નને એક સંસ્કાર તરીકે માને છે. સંસ્કાર દ્વારા વ્યકિતતને સામાજિક ગુણ પ્રાપ્ત થાય છે. સંસ્કાર એક અનુષ્ઠાન ધાર્મિક કાર્ય છે. સંસ્કાર દ્વારા વ્યકિતતને એક વિશેષ સામાજિક સ્થિતિ પ્રાપ્ત થાય છે. માનવની ક્ષમતાને સંસ્કાર દ્વારા વ્યાવહારિક રૂપ આપવામાં આવે છે. આ દષ્ટિકોણ મુજબ હિન્દુ લગ્નને નિશ્ચિત રૂપે એક સંસ્કાર કહી શકાય છે. કારણ કે હિન્દુ લગ્નમાં આરંભથી અંત સુધીમાં અનેક ધાર્મિક ક્રિયાઓ, અનુષ્ઠાનો, વિધિ–વિધાનો વગેરે પૂરાં કરવામાં આવે છે. લગ્ન સંસ્કાર દ્વારા જ વ્યકિતત પોતાના જીવનને ધર્મ તરફ વાળે છે. પોતાના સ્વભાવનું સામાજિકરણ કરે છે તથા પોતાના અધિકારો અને કર્તવ્યો નિર્ધારિત કરે છે.

***　　હિન્દુ લગ્ન સંસ્કારની વિશેષતાઓ :–**

લગ્ન સંસ્કાર એક આવશ્યક સંસ્કાર છે. માનવનું જીવન લગ્ન સંસ્કાર વગર અધૂરું માનવામાં આવે છે. સંસ્કારથી જ માનવનું જીવન ખીલી　ઠે છે. એટલાં માટે મનુષ્યના જીવન પર્યન્ત આ સંસ્કારો કરવામાં આવે છે. હિન્દુ લગ્ન સંસ્કારની ઘણીબધી વિશેષતાઓ પણ રહેલી છે. તેની વિગતે ચર્ચા કરીએ.

**૧.　　ધર્મ આધારિત લગ્ન :**

લગ્નને ધર્મની સાથે જોડીને એક પવિત્ર રૂપ આપી દેવામાં આવ્યુ છે. હિન્દુ લગ્નના ઉદેશો જોતાં સ્પષ્ટ થાય છે કે હિન્દુ લગ્નનો પ્રથમ સાથી મુખ્ય અને મહત્વનો આધાર ધર્મ છે. હિન્દુ વ્યકિતત ધર્મ ખાતર લગ્ન કરે છે. પ્રાચીન સ્મૃતિકારોએ લગ્નને ખૂબ જ મહત્વ આપ્યુ છે. સમાજમાં લોકો ધર્મના સૂચનોને સ્વીકારે છે એટલા માટે ધર્મને તથા લગ્નને એકરૂપ માનવામાં આવે છે. લગ્નને હિન્દુ સમાજમાં એક ધાર્મિક પ્રવૃત્તિ કહેવામાં આવે છે અને તેના નીતિ–નિયમો પણ ધર્મના દાયરામાં રહીને ઘડવામાં આવ્યા છે.

**૨. જન્મ–જન્માંતરનું બંધન :**

ભારતીય પરંપરામાં લગ્ન સંસ્કારએ પવિત્ર બંધન છે. તે ફકતત એક જન્મ માટે નહીં પરંતુ જન્મ–જન્માંતરનું બંધન છે. પતિ–પત્ની બન્ને પોતાને આખી જીંદગી સ્વીકારવા માટે તૈયાર હોય છે. ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છતાં પણ તે અલગતા સ્વીકારતા નહીં. ભારતીય હિન્દુ લગ્નમાં લગ્ન–વિચ્છેદ જેવો ખ્યાલ દંપતિ પોતાના મનમાં કતયારેય લાવતા નહીં. લગ્ન એ પવિત્ર બંધન છે તે છૂટા થવા માટે નહીં પરંતુ એકબીજામાં સમર્પિત થઇ જવા માટેનું પવિત્ર જોડાણ છે.

**૩. ધાર્મિક અનુષ્ઠાન અને સંસ્કાર :**

ભારતીય સંસ્કૃતિ એ લગ્નને માનવજીવનનું મહત્વનું અંગ ગણ્યુ છે. પરિણય સંસ્કાર દ્વારા માનવના જીવનનું મૂલ્ય વધે છે. સમાજમાં તેની નામના તથા ઓળખ  ભી થાય છે. લગ્નને એક ધાર્મિક સંસ્કાર ગણવામાં આવે છે. પરિણય પછી પુરુષે અનેક યજ્ઞો સંપન્ન કરવાના હોય છે. અપરણિત વ્યકિતત યજ્ઞોને સંપન્ન કરી શકે નહિ. કારણ કે પત્ની વિના યજ્ઞ પૂર્ણ થઇ શકે નહિં. વળી યજ્ઞ, પિંડદાન, સ્વર્ગ, પિતૃઋણ વગેરે ધાર્મિક રિવાજ છે જેનો સંબંધ લગ્ન સાથે છે. આ સ્વરૂપે પણ હિન્દુ લગ્ન એક ધાર્મિક સંસ્કાર છે.

**(અ) વાગ્દાન :**

વાગ્દાન એક સંસ્કાર છે. આ સંસ્કારમાં વર પક્ષના લોકો લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. અને કન્યાપક્ષના લોકો તેનો સ્વીકાર કરે છે. આ બધુ વૈદિક મંત્રો અને ગૃહ્યસૂત્રો દ્વારા કરવામાં આવતુ હતુ. પરંતુ ધીરે–ધીરે આ સ્થિતિમાં પરિવર્તન આવતાં ખાસ કરીને મધ્યકાળ પછી સ્ત્રીઓની સામાજિક પ્રતિષ્ઠા ઘટી ગઇ. આ સમય પછી જ આવો પ્રસ્તાવ સામાન્યતઃ કન્યાપક્ષ તરફથી મૂકવામાં આવે છે અને વરપક્ષ દ્વારા તેનો સ્વીકાર થાય છે.

**(આ) કન્યાદાન :**

આ કન્યાદાન સંસ્કારમાં પિતા અથવા વાલી પોતાની પુત્રી વરને દાનરૂપે આપે છે. ધર્મશાસ્ત્રોએ કન્યાદાનને ઘણું મોટું દાન કહ્યુ છે. આ કન્યાદાનના સંસ્કાર સમયે કન્યાનો પિતા હાથમાં પાણી લઇને JZG[SC[K; 'અમુક ગોત્રમાં ઉત્પન્ન થયેલ, અમુક નામ, આભૂષણોથી યુકતત આ કન્યાનો સ્વીકાર કરો.' ત્યારે કન્યાનો સ્વીકાર કરતા વર કહે છે કે, 'તું મારી સાથે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કર, મેં આપેલા વસ્ત્રો ધારણ કર, કામી પુરુષોથી પોતાનું રક્ષણ કર તથા સો વર્ષના આયુષ્ય, ધન અને સંતાનવાળી હો.' કન્યાનો પિતા વર પાસે કન્યાના ધર્મ, અર્થ, અને કામની પૂર્તિ માટે પ્રતિજ્ઞા કરાવે છે. ત્યારબાદ વર વર–વધૂ બંને ઉપસ્થિત લોકોને કહે છે કે, 'અમે બંને પ્રસન્નતાપૂર્વક ગૃહસ્થાશ્રમમાં રહેવા માટે એકબીજાનો સ્વીકાર કરીએ છીએ, અમારા બંનેના હૃદય  જળ સમાન શાંત અને મળેલા રહેશે.આ પ્રમાણે કન્યાદાન માં પિતા

વર પાસેથી આ  ાસન મેળવે છે કે તે ધર્મ, અર્થ, કામ આદિ પૂર્ણ કરવામાં કદી પોતાની પત્નીનો ત્યાગ નહિ કરે અને બંને આજીવન સાથે જ રહેશે.

**(ઇ) લગ્નહોમ :**

ભારતીય સંસ્કૃતિમાં દરેક ધાર્મિક ક્રિયાઓ અગ્નિની સાક્ષીએ કરવામાં આવે છે. હિન્દુઓમાં અગ્નિને ઇ  રનું રૂપ માનવામાં આવતું હોવાથી લગ્ન પવિત્ર અગ્નિની સાક્ષીએ સંપન્ન થાય છે. વર અને વધૂ અગ્નિમાં અનેક આહુતિઓ આપતી વખતે મંત્રોચ્ચાર કરે છે. આ મંત્રો વડે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે અગ્નિ કન્યાનું રક્ષણ કરે. તેના સંતાનોને ઇ  ર લાંબુ આયુષ્ય આપે, જીવિત રહેનારાં સંતાનોની તે માતા બની રહે અને પુત્રનો આનંદ સદા પ્રાપ્ત કરે.૩૪

**(ઈ) પાણિગ્રહણ :**

ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કાર પ્રસિદ્ધ છે. તે સંસ્કાર દ્વારા મનુષ્યની કિંમત સમાજમાં વધે છે. આ સોળ સંસ્કારોમાં પાણિગ્રહણ સંસ્કાર મહત્વનો છે. એટલાં માટે લગ્નને પાણિગ્રહણ સંસ્કાર પણ કહે છે. આ સંસ્કારમાં વર વધૂનો હાથ પકડીને છ મંત્રોનું ઉચ્ચારણ કરે છે. આ મંત્રો એક પ્રકારની પ્રતિજ્ઞા જેવા હોય છે. તેમાં વર વધૂને કહે છે, 'હું ઐ  ર્ય, સારાં સંતાનો અને સૌભાગ્ય માટે તારા હાથનો સ્વીકાર કરું છું. તું મારી સાથે વૃદ્ધાવસ્થા સુધી રહીશ. તારી સંભાળ લેવી અને જીવનપર્યંત દુઃખ ન પડે તેની સંભાળ લેવી, તારું પોષણ કરવું તે મારો ધર્મ છે. મારા થકી સંતાનોને જન્મ આપતા તું સો વર્ષનું લાંબુ આયુષ્ય પ્રાપ્ત કરજે. સ્ત્રી અને પુરુષ પાણિગ્રહણની ધાર્મિક વિધિ પૂરી કરીને પતિ–પત્ની બનતાં હોવાથી એકબીજાનો ત્યાગ કરી શકતાં નથી. આ રીતે લગ્ન અતૂટ બંધન પણ બને છે.

**(ઉ) અગ્નિ પરિણયન :**

અગ્નિની સાક્ષીએ પતિ અને પત્ની લગ્નનાં પવિત્ર બંધનમાં બંધાય છે. પતિ અને પત્ની બંને અગ્નિની પરિક્રમા કરે છે અને અગ્નિની સાક્ષીએ પરિણય બંધનનો સ્વીકાર કરતાં વર કહે છે. 'હે વધૂ, હું સામવેદ સમાન પ્રશંશિત છું અને તું ઋગ્વેદ સમાન પ્રશંસિત છે, તું પૃથ્વી સમાન છે અને હું સૂર્ય સમાન છું. આપણે બંને પ્રસન્નતાપૂર્વક લગ્ન કરીએ, સાથે મળીને ઉત્તમ પ્રજાને ઉત્પન્ન કરીએ, આપણાં ઘણાં પુત્રો થાય, આપણે અને આપણા પુત્રો સો વર્ષ સુધી જીવે અને સો વર્ષ સુધી જીવિત રહીએ.

**(  ) અશ્મારોહણ :**

પરિણય સંસ્કારમાં અશ્મારોહણ પણ એક અગત્યનો સંસ્કાર છે. આ સંસ્કારમાં કન્યાનો ભાઇ કન્યાનો પગ ઉપાડીને પથ્થરની શીલા ઉપર મૂકાવે છે. પતિના હાથની મદદ લઇ કન્યા પથ્થર ઉપર ચડે છે. અહીં વર વધૂને કહે છે, હે દેવી તું આ પથ્થરના જેવી જ ધર્મકાર્યોમાં દઢ રહેવાનું વધૂને કહેવામાં આવ્યુ છે.

**(એ) લાજા હોમ :**

લગ્ન સંસ્કારમાં લાજા હોમ નામની ક્રિયા પણ કરવામાં આવે છે. આ ક્રિયા દેવતાઓને પ્રસન્ન કરવા માટે કરવામાં આવે છે. આમાં વર–વધૂ બંને પૂર્વ દિશા તરફ મુખ રાખીને ભા રહે છે પછી વધૂ પોતાના ભાઈ પાસેથી શેકેલા ચોખા લઈ વેદીમાં પધરાવતાં ત્રણ મંત્રો બોલે છે. વધૂ કહે છે, 'હું ઈ રની આજ્ઞાના પાલન માટે પિતાનું કૂળ છોડીને પતિના કૂળમાં જવા તૈયાર છું.' તે પ્રાર્થના કરતાં કહે છે, 'મારો પતિ દીર્ઘજીવી થાઓ તથા પિતૃકૂળ અને પતિકૂળના લોકો ધનધાન્યથી પરિપૂર્ણ થાઓ.' સાથે સાથે ઈ રને પ્રાર્થના કરતા તે કહે કે પતિ સાથે તેનો પ્રેમ નિરંતર વૃદ્ધિ પામતો રહે.

**(ઐ) સપ્તપદી :**

ભારતીય સંસ્કૃતિની વિશેષતા રહેલી છે કે તેની દરેક બાબત શાસ્ત્રીય છે. તેમાં પરિણય સંસ્કારને શાસ્ત્રીય બનાવવા માટે સ્મૃતિકારોએ ખૂબ જ પ્રયત્ન કર્યો છે. લગ્ન સંસ્કારમાં સપ્તપદી એક અતિ મહત્વનો સંસ્કાર છે. આ સંસ્કારમાં ગ્રંથિબંધન કરેલી સ્થિતિમાં ઉત્તર–પૂર્વ દિશામાં વર અને વધૂએ સાત ડગલાં ચાલવું. આ વખતે પ્રત્યેક ડગલું એક એક મંત્રોચ્ચારણ સાથે ભરવામાં આવે છે. આ સાત મંત્રોમાં વધૂની વિભિન્ન જરૂરિયાતો અન્ન, જળ, ધન, સુખ, સંતાન, સખાભાવ, કામના વગેરે પૂરી કરવાનું દાયિત્વ વર સ્વીકારે છે.

લગ્ન જીવનમાં પતિ–પત્નીએ જીવનપર્યંત એકબીજા પ્રત્યે વફાદાર રહીને પારસ્પરિક રીતે કૌટુંબિક જવાબદારી નિભાવવાની હોય છે. બન્ને વચ્ચે પ્રેમ, આત્મીયતા, હૂંફ અને ત્યાગની ભાવના ટકી રહેવી જોઈએ. લગ્ન એ અતૂટ બંધન છે. સંસારમાં મતભેદો તો રહેવાના જ છે. પતિ–પત્ની વચ્ચે મતભેદો હોય એકબીજાથી જુદા થયા વગર પોતપોતાની રુચિ, સ્વભાવ, આદર્શો તથા હિતોને પરસ્પર અનુકૂળ બનાવા જરૂરી છે. તો જ લગ્ન સંસાર કાયમ માટે સ્થિર રહી શકે. લગ્ન સંસારમાં પતિ તથા પત્નીએ બન્નેએ મળીને સમજી વિચારીને નિર્ણયો કરવા પડે છે. ત્યારે સુખી જીવનની મજા માણી શકાય.

સપ્તપદીમાં સાત મંત્ર વરની પ્રતિજ્ઞાના છે અને સાત મંત્ર કન્યાની પ્રતિજ્ઞાના છે. પ્રથમ વરની પ્રતિજ્ઞાના મંત્રો જોઈએ.

''હે વધૂ સર્વ પુરુષાર્થના સાધનભૂત એવા આ ભૂલોકમાં સઘળાં સૌભાગ્ય અને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય એ માટે તથા મારા ઘરમાં અન્ન, વસ્ત્ર, દ્રવ્ય વગેરે વસ્તુની સંભાળ માટે તું મારા ઘરની અધિકારિણી થા. મારા પુરુષાર્થથી તારી ઈચ્છિત કામના પૂર્ણ થાય.''[૩૫]

'' ર્જા એટલે બળ, શકિતત. હે વધૂ, પૃથ્વી પર તું બળવતી, શકિતતમાન રહે એ માટે તને પરમાત્મા મદદરૂપ થાઓ. કારણ કે તારા બળથી, તારી શકિતતથી જ મારી શકિતતમાં વધારો થશે.''[૩૬]

ત્રણેય લોક–આકાશ, પાતાળ અને સ્વર્ગમાં મારા ધનની વૃદ્ધિ અને સંભાળ માટે તું મારા ઘરની અધિકારિણી થા.''[૩૭]

''તું પાંચેય લોકમાં પશુમાત્રની સંભાળ રાખવામાં મારી મદદગાર બન.''[૩૯]

''તું ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક અને તપોલોકના સ્થાનમાં અને છએ ઋતુઓમાં મારી સાથે ઉત્તમ સુખ ભોગવનારી થા.''[૪૦]

''તું ભૂર્લોક, ભૂવર્લોક, સ્વલોક, મહર્લોક, જનલોક અને સત્યલોકના સુખોની પ્રાપ્તિ માટે તુ મને અનુસરનારી બનો.''[૪૧]

આ પ્રમાણે વર સાત પગલાં ઉત્તર તરફ ચાલીને બોલે છે. પછી કન્યા જે કહે છે એ કન્યાપ્રતિજ્ઞા છે. આમ સપ્તપદીમાં વરકન્યાની સાત, સાત મળીને કુલ ૧૪ પ્રતિજ્ઞાઓ છે. છેલ્લા સાત મંત્ર કન્યાની પ્રતિજ્ઞા છે તે મંત્રો આ પ્રમાણે છે.

''મારા અનેક પુણ્યોના પ્રભાવથી મને તમારું સૌભાગ્ય મળ્યું છે. દેવોએ આજે આપને મારા પતિ બનાવ્યા છે, ત્યારે મારું સર્વ પ્રકારનું કલ્યાણ તમારાથી જ છે એમ બોલી કન્યા સપ્તપદીનું પહેલું પગલું ભરે છે.''[૪૨]

''કુટુંબના અબાલવૃદ્ધનું પાલનપોષણ કરીશ, સંભાળ રાખીશ અને તમે જે કંઇ ધન પ્રાપ્ત કરશો એમાં સંતુષ્ટ રહીશ એમ બીજું ડગલું માંડતાં કન્યા વરની સમક્ષ બોલે છે.''[૪૩]

''તમને અને તમારા કુટુંબને દરરોજ સમયસર શ્રેષ્ઠ ભોજન જમાડીશ અને હંમેશા તમારી આજ્ઞાનું પાલન કરીશ.''[૪૪]

''સ્વામી, હું હંમેશા શુચિ એટલે પવિત્ર રહી સૌભાગ્યના શણગારને ધારણ કરી, મનથી, વચનથી અને સત્કર્મથી તમને પ્રસન્ન કરીશ અને આપનું શુભચિંતન કરીશ.''[૪૫]

''તમારા દુઃખના સમયમાં આપત્તિના સમયમાં હું ધીરજ ધરીશ અને સુખમાં પ્રસન્ન રહીશ. તમારાં સુખ અને દુઃખમાં હું ભાગીદાર બનીશ. પરપુરુષની કદાપિ ઇચ્છા કરીશ નહીં.''[૪૬]

''હું ઘરનાં સર્વ કાર્ય સારી રીતે અને સુખેથી કરીશ. તમારાં માતાપિતા અને ભાઇઓ, સહિતના સઘળા સુરપક્ષના લોકોને સત્કારીશ. તમે જ ાં જશો ત્યાં હું તમારી સાથે આવીશ. તમારાથી કદીય દૂર નહીં રહું. એટલું જ નહીં કદી તમને છેતરીશ નહીં. એ જ રીતે તમે પણ મને કદી છેતરાશો નહીં.''[૪૭]

''હોમ અને યજ્ઞાદિ ધર્મકાર્યોમાં હું તમને મદદરૂપ બનીશ. ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય પુરુષાર્થ માટેના દરેક કાર્યમાં હું તમારી ઇચ્છા પ્રમાણે વર્તીશ. અગ્નિ અને સર્વની સાક્ષીએ હવે તમે મારા પતિ બન્યા છો અને હું મારું શરીર તમને અર્પણ કરું છું. એમ કન્યા છેલ્લું અને સાતમું ડગલું માંડતાં બોલે છે.''[૪૮]

આમ ઉપરોકતત વચન પતિ અને પત્ની બન્ને લગ્ન સમયે બોલે છે. આ વચનનું શ્રવણ જ દરેક માનવને મંત્રમુગ્ધ કરી દે છે. કેટલો ઉચ્ચ વિચાર છે. પતિ અને પત્ની બન્ને પોતાના કર્તવ્ય અને પોતાની ફરજનું જ્ઞાન થાય છે. સપ્તપદીમાં પતિની ઉચ્ચ અને આદર્શ ફરજ છે કે તેમણે પોતાની પત્નીનું ગમે તે ભોગે પાલન–પોષણ કરવાનું છે. ગમે તે પરિસ્થિતિમાં પતિએ પત્નીને સમાન આદર અને તેના ભરણપોષણની જવાબદારી સ્વીકારવાની છે. પત્નીની પણ કેટલીક ફરજ છે કે તેમણે તન, મન અને ધનથી પતિ પરાયણ રહીને સદા પતિના જીવનમાં અને તેના પરિવારમાં ભળી જવાનું છે. પત્ની જો પોતાના વ્યકિતતત્વને પોતાના પતિમાં ભેળવી દે તે સ્ત્રી સુખી થાય છે. પત્ની સપ્તપદીના નિયમોનું પાલન કરે તથા બતાવેલી પોતાની ફરજોને નિભાવે ત્યારે આદર્શ સંસાર નિર્માણ થાય છે.

## ૪. પરિણયના લાભાલાભ :

મનુષ્યના જીવનમાં લગ્ન ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. મનુષ્યના જીવનમાં લગ્ન સંસ્કાર સૌથી પ્રસિદ્ધ અને મુખ્ય સંસ્કાર છે. જંગલની સંસ્કૃતિથી લઈને સભ્ય સમાજ સુધી વિવાહ સંસ્કાર પ્રસિદ્ધ છે. પ્રાચીન સ્મૃતિકારોની દિવ્ય દષ્ટિને પરિણામે ભારતીય સમાજને આદર્શ લગ્ન સંસ્થા આપી. દરેક પુરુષ ધર્મના નિયમોને અનુસરીને પરિણય સંસ્કાર સ્વીકારે છે. લગ્ન એ દરેક મનુષ્ય માટે જરૂરી છે. પ્રાચીન કાળથી લઈને આજસુધી લગ્ન સંસ્થામા અસંખ્ય નિયમો આવ્યા. તે બધા નિયમો માનવસમાજને સમાજમાં રહેતા શીખવાડે તથા સમાજના વિકાસમાં ભાગીદાર પણ બને.બાળક જન્મથી લઈને મૃત્યુ પામે ત્યાં સુધીમાં તેની ઉપર સોળ સંસ્કારની ક્રિયા કરવામાં આવે છે. તેમાં લગ્ન સંસ્કારએ સૌથી મહત્વનો છે.

વિવાહ શબ્દ સંસ્કૃતના 'वि' ઉપસર્ગ 'वह' ધાતુના 'धञ' પ્રત્યયથી ઉત્પન્ન થયો છે.[૪૯] વિવાહ એટલે કોઈ વસ્તુને વહન કરવી. ‘વિ’ ઉપસર્ગનો અર્થ છે વિશેષ પ્રકારથી, પુરુષ ફકતત લગ્ન કરે એટલે તેનું કાર્ય પૂર્ણ થઈ જતું નથી પરંતુ પોતાની પત્નીની સંપૂર્ણ નિર્વાહની જવાબદારી તેણે વિશેષ પ્રકારે નિભાવવાની હોય છે. ભારતીય સ્મૃતિકારોએ ખૂબ જ લાંબો વિચાર કરીને લગ્ન સંસ્કારને માનવના જીવનમાં લાવ્યા છે. લગ્નના લાભો માણસને આખી જીંદગીના સમયગાળામાં મળે છે. સ્મૃતિકારોના વિપુલ પ્રયત્નના ફળસ્વરૂપ માનવજીવનને પરિણય સંસ્કાર પ્રાપ્ત થયો છે. પરિણયના લાભો અસંખ્ય છે એટલા માટે તો પરિણયને મનુષ્યના જીવન માટે આવશ્યક ગણ્યું છે. પરિણય સંસ્કાર દ્વારા મનુષ્યના જીવનની કિંમત થાય છે. એટલા માટે તેના લાભો પણ અસંખ્ય છે.

### ૧. પરિણયના લાભો :

સંસારના અન્ય દેશોમાં લોકો સંસ્કૃતિ અને સભ્યતા વિહિન જીવન જીવતા હતા ત્યારે ભારતીય સંસ્કૃતિ તેની પરાકાષ્ઠાએ હતી. ભારતીય સંસ્કૃતિ ગુણશીલ તથા તેની દરેક વાતો સમાજમાન્ય હતી. લોકો પ્રાચીન લોકોની વાતોને સહજભાવે સ્વીકારી લેતા હતા. સ્મૃતિકારોએ આપેલી કુટુંબ પદ્ધતિને સમાજ સ્વીકારતા હતા અને તેના નીતિ–નિયમોનું પાલન પણ કરતા હતા. જ ારે વિ   સમાજ કામ–વાસનાની તૃપ્તિ માટે પશૂઓની જેમ વ્યવહાર કરતા હતા ત્યારે પ્રાચીન ભારતમાં પણ વિવાહનો આદર્શ ઉચ્ચ અને પવિત્ર હતો. ભારતીય સંસ્કૃતિનું સૌથી પ્રાચીન પુસ્તક ઋગ્વેદમાં પરિણયનો ઉલ્લેખ જોવા મળે છે સાથે સાથે પરિણયના ઉચ્ચ આદર્શોની વાતો પણ જોવા મળે છે.

ઋગવેદમાં એક સૂકતત છે તે ‘વિવાહ સૂકતત’ થી પ્રસિદ્ધ છે. તેમાં સોમ અને સૂર્યાના વિવાહનું રોચક વર્ણન જોવા મળે છે. અથર્વવેદમાં પણ વિવાહ સંસ્કારનો ઉલ્લેખ જોવા મળે છે. તેનું વર્ણન વાંચતા ખબર પડે કે તે સમયમાં પણ વિવાહ કેવી રીતે થતા હતા. માનવના જીવનમાં લગ્નની ખૂબ જ

મોટી આવશ્યકતા છે. વિવાહ સંસ્કાર જરૂરી સંસ્કાર છે. જો સમાજમાં આ સંસ્કાર ન હોત તો સમાજ ભ્રષ્ટ થઇ જાત અને વ્યભિચાર ચારે બાજુ જોવા મળેત એટલા માટે આપણા પ્રાચીન આચાર્યોએ વિવાહ સંસ્થા નિર્માણ કરી છે.

પરિણય સંસ્કારના લાભો એટલા છે કે તેનું સંપૂર્ણ વર્ણન કરવું મુશ્કેલ છે. શ્રેષ્ઠ સમાજ વ્યવસ્થા નિર્માણ કરવી તે તેનો પ્રથમ અને મુખ્ય લાભ છે. ખૂબ જ પ્રાચીન કાળથી આપણાં પૂર્વજો પરિણયનના લાભોને સમજતા હતા. પરિણય ગૃહસ્થાશ્રમનો મુખ્ય આધાર છે. વૈદિક આર્યો માટે સુંદર ઘર અને સુંદર સ્ત્રી યોગ્ય હતી. એટલા માટ. પ્રાચીન કાળમાં પણ પરિણયને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યુ હતું. ઉપનિષદોના સમયમાં જુદાં જુદા આશ્રમોનો સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવ્યો હતો. તેના પ્રવર્તકોએ તે નિયમ પણ બનાવ્યો હતો જે મનુષ્યએ પોતાનું જીવન ચાર આશ્રમો બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યનસમાં વિતાવવાનું છે. આ બધા આશ્રમોમાં ગૃહસ્થાશ્રમને વધારે મહત્વ આપવામાં આવ્યુ છે. કારણ કે આ આશ્રમ ઉપર બધા આશ્રમો આધારિત છે. અપરણિત પુરુષ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી શકતો નથી.

શાસ્ત્રમાં પરિણય દરેક મનુષ્યને માટે જરૂરી સંસ્કાર માનવામાં આવ્યો છે. પરિણય મનુષ્યના જીવન વિકાસનો આધાર છે. આપણા પ્રાચીન લોકોએ પરિણય સંસ્કારનું સુંદર આયોજન કરીને સમાજ સમક્ષ મૂકતયું છે. તે પ્રમાણે લોકો તેનું પાલન પણ કરે છે. મનુષ્યના જીવનનાં ચાર તબકતકાઓ સૂચવવામાં આવ્યા છે. પ્રથમ ભાગ પચ્ચીસ વર્ષ ગુરૂના આશ્રમમાં રહીને વિદ્યાભ્યાસ કરવાનો છે. બીજો ભાગ ગૃહસ્થાશ્રમ પ્રવેશ કરીને જીવન સંસારને સુંદર બનાવવાનો છે. જીવનનો ત્રીજો ભાગ વનમાં નિવાસ કરવાનો છે અને જીવનનો અંતિમ ભાગ પુરુષે બધી જ કામનાઓનો ત્યાગ કરીને સંન્યાસી જીવન જીવવાનો છે.[૫૦]

ગૃહસ્થાશ્રમનું સૌથી વધારે મહત્વ છે એટલાં માટે સ્મૃતિકારોએ તેના ખૂબ જ વખાણ કર્યા છે. ગૃહસ્થાશ્રમ બધા જ આશ્રમોની સુવાસ વધારી દે છે. ગૃહસ્થાશ્રમમાં મનુષ્યનું જીવન સુખ અને શાંતિથી પસાર થાય છે તે પોતાનાં બન્ને આશ્રમોમાં પણ સુખેથી સમય પસાર કરે છે કોઇ પણ મનુષ્યને સ્વર્ગની પ્રાપ્તિ સુખ પૂર્વક કરવી હોય તેણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો જરૂરી છે. ગૃહસ્થ પોતાન જ્ઞાન અને અન્નથી અન્ય આશ્રમોનું પાલન કરે છે. આથી તેનો આશ્રમ શ્રેષ્ઠ છે. દરેક મનુષ્યએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો જરૂરી જ છે. ગૃહસ્થાશ્રમમાં આવનારા પડકારોનો સામનો કરવો તે મનુષ્યની ંડી જ્ઞાન સમજ પ્રદર્શિત થાય છે. મનુષ્ય બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કોઇપણ વર્ણનો હોય છતા પણ તે પરણિત ન હોય તો તે ધાર્મિક કાર્યોનો અધિકારી થઇ શકતો નથી.[૫૧]

ભારતીય પ્રાચીન પરંપરા નિયમબદ્ધ હતી. સમાજમાં જે કોઇપણ વસ્તુ દાખલ કરવામાં આવતી

તેને શાસ્ત્રમાન્ય ગણવામાં આવતી હતી. સમાજનું સુચારું સંચાલન કરવા માટે સ્મૃતિકારોએ લગ્નસંસ્થા, કુટુંબ ભાવના વગેરે નિયમો આપ્યા છે. તેમાં વિવાહ સંસ્થા સૌથી મહાન છે. પ્રાચીન કાળમાં લગ્ન બંધનથી જોડાયેલ પુરુષ ન હોય તેને સમાજમાં માનમર્યાદા પ્રાપ્ત થતાં નહીં. ગૃહસ્થાશ્રમની સર્વશ્રેષ્ઠતા સાબિત કરીને આપણાં ઋષિઓએ આ પરિણય સંસ્કારને સામાજિક આવશ્યકતા બતાવી છે. તથા તેનું પાલન કરવું દરેક મનુષ્ય માટે અનિવાર્ય છે.

આપણાં ભારતીય શાસ્ત્રોમાં પરિણયના અસંખ્ય લાભો દર્શાવ્યા છે. પ્રાચીન કાળમાં જ ારે મનુષ્યનો જીવન નિર્વાહ ખેતી ઉપર આધારીત હતો ત્યારે વધૂ પરિવારવાળા લોકો વધારે સુખી હોય તેમ માનવામાં આવતુ હતું. પ્રાચીન કાળમાં વિવાહ વ્યકિતતગત સંસ્કાર ન હતો પરંતુ પારિવારિક સંસ્કાર હતો. પરિણયનો મુખ્ય લાભ સંતાનની ઉત્પત્તિ માનવામાં આવતો હતો. પરિણય એક સમાજનું જરૂરી અંગ છે. પરિણય ન હોય તો સમાજની કલ્પના જ અશકતય છે. પરિણયનો બીજા લાભ ધાર્મિક પ્રવૃત્તિઓ છે. ભારત દેશમાં કોઇપણ કાર્ય ધાર્મિક ક્ષેત્રની મર્યાદામાં રહીને કરવામાં આવે છે. બાળકનો જન્મ હોય, તેનું મુંડન કરવવાનું હોય કે પછી વિવાહ હોય આ સમગ્ર પ્રક્રિયા એકલા પુરુષથી પૂર્ણ ન થાય તેના માટે પત્નીની જરૂર પડે છે. પત્ની વગર કોઇપણ ધાર્મિક કાર્ય સંપન્ન થતું નથી.

પ્રાચીનકાળમાં પણ પરિણયનું ખૂબ જ મહત્વ હતું. દરેક ધાર્મિક કાર્યોમાં સ્ત્રીને સાથે રહેવું તે જરૂરી હતુ. ઈતિહાસમાં પત્નીની ગેરહાજરીમાં તેની સોનાની મૂર્તિ બનાવીને ધાર્મિક કાર્યો પૂર્ણ કર્યા છે તેવા ઉદાહરણો પણ બન્યા છે. પ્રાચીન કાળમાં ગૃહસ્થ માટે અગ્નિહોત્ર કરવું ખૂબ જ જરૂરી હતું. દરેક ગૃહસ્થી પ્રાતઃકાળે અગ્નિહોત્ર કરતો હતો તથા તે સ્ત્રીની સાથે દરરોજ અગ્નિકુંડમાં આહુતિ આપતો હતો. પ્રાચીન ભારતમાં મનુષ્યનું જીવન ત્યારે જ સારી રીતે ચાલતુ જ ારે તે વિવાહના બંધનમાં બંધાયેલો હોય. મનુષ્યના દરેક ધાર્મિક કાર્યોમા પત્ની હાજર હોય જ એટલા માટે તેને 'ધર્મપત્ની' કહેવામાં આવે છે. ઋષિોઓએ પરિણયને ધાર્મિક રૂપ આપીને મહત્તા વધારી છે. આમ પરિણયના અસંખ્ય લાભો છે. મનુષ્ય પોતાના જીવનનો વિકાસ સંસારી બનીને જ કરી શકે છે.

પરિણયનો અન્ય મુખ્ય લાભ સ્વર્ગપ્રાપ્તિ છે. પરિણય સંસ્કાર થયેલ વ્યકિતત દરેક પ્રકારના ધાર્મિક કાર્યો કરી શકે છે અને તે કાર્યોને આધારે તે સ્વર્ગનો અધિકારી બને છે. હિન્દુ ધર્મશાસ્ત્રોમાં લગ્નને સ્વર્ગનું દ્વારા કહેવામાં આવે છે. લગ્ન સંસ્કાર દ્વારા જ વ્યકિતત ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી શકે છે તથા વિભિન્ન યજ્ઞો વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમનાં ઉત્તરદાયિત્વોને પૂરાં કરી શકે છે. આપણા ભારતીય ઈતિહાસમાં અનેક ઉદાહરણો મળે છે કે તેમને સ્વર્ગની પ્રાપ્તિ થઇ ન હતી, કારણ કે તેઓ લગ્ન સંસ્કારથી બંધાયા ન હતા. જીવનમાં લગ્નને અગત્યનું અંગ માનવામાં આવે છે. લગ્ન થકી જ મનુષ્યની કીર્તિ વધે છે. એટલા માટે લગ્ન કરવા અનિવાર્ય છે. જેવી રીતે બધાં નદી નાળા અંતે સમુદ્રમાં ભળે છે તેમ બધા આશ્રમોનો વાસ્તવિક આધાર પરિણય સંસ્કાર છે.[૫૨]

પરિણય એ માનવ જીવનનો એક મહત્વનો ધાર્મિક સંસ્કાર છે. સ્ત્રી તથા પુરુષનો આજીવન સંબંધ છે. જે બંને એ નિભાવવો પડે છે. આ એક સર્વમાન્ય અને સનાતન સંબંધ છે જેને સમાજમાં માન્યતા પ્રાપ્ત થયેલી છે. પરણિત વ્યકિતત જ સમાજમાં પ્રતિષ્ઠિત જીવન જીવી શકે છે. લગ્ન સંસ્કાર દ્વારા માનવના જીવનમાં સારું એવું પરિવર્તન આવે છે. વ્યકિતત પોતાની જવાબદારીઓ તથા સમાજની જવાબદારીઓ સ્વીકારતો થઇ જાય છે. તે પોતાના કર્તવ્ય પાલનમાં પ્રતિબદ્ધ રહે છે. લગ્નના માનવના જીવનમાં અસંખ્ય લાભો છે. હિન્દુ લગ્નોમાં ધાર્મિક વિધિઓનું પ્રાધાન્ય જોવા મળે છે. ભવોભવના લગ્ન સંબંધ અને આધ્યાત્મિક બંધન હોવાથી મરજી પડે ત્યારે તેમાંથી છૂટા થઇ શકાતું નથી. વળી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થોની પ્રાપ્તિ માટે લગ્નને આવશ્યક ગણ્યું છે.

વિદેશી સંસ્કૃતિમાં પરિણયના લાભોને અલગ રીતે જોવામાં આવે છે. તે દેશોમાં લગ્નને શારિરીક તૃપ્તિ માટેનું માધ્યમ જ સમજે છે જ ારે ભારતીય સંસ્કૃતિમાં પરિણયનો લાભ ધાર્મિક તથા આધ્યાત્મિક છે. વૈદિક સાહિત્યએ પરિણયના ઉચ્ચ લાભોને દર્શાવ્યા છે તેવા લાભો ભાગ્યે જ અન્ય સંસ્કૃતિમાં જોવા મળે. ઋગ્વેદ સાહિત્યે લગ્નના લાભોની ઉચ્ચ કલ્પના કરી શકે છે. ઋગ્વેદમાં કહ્યુ છે કે પરિણયનો ઉદેશ્ય ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને યજ્ઞો કરવા તથા શ્રેષ્ઠ પુત્રોની ઉત્પત્તિ કરવી.[૫૩] ઋગ્વેદમાં વિવાહ સૂકતત આવે છે તેના અભ્યાસ દ્વારા ખબર પડે છે કે પુરુષ કોઇપણ સ્ત્રી સાથે ગાર્હપત્ય માટે લગ્ન કરે છે.[૫૪]

પરિણયનો મુખ્ય લાભ ગૃહસ્થાધર્મનું પાલન કરતા–કરતા સમાજની સેવા કરવાનું છે. ઋગ્વેદના બીજા મંત્રમાં સ્ત્રી અને પુરુષ બંને મળીને દેવતાઓની પૂજા કરવાની હોય છે તેવું વર્ણન પ્રાપ્ત થાય છે.[૫૫] મનુષ્ય ઉપર ઇ   રની અમીદષ્ટિ રહે એટલા માટે દરેક સંસારી પુરુષે પરિણય સંસ્કારથી બંધાવું અને પછી દેવોની પૂજા અર્ચન કરવી. દેવોની કૃપા હશે તો જ મનુષ્ય પોતાના સમાજમાં સુખી રહી શકશે. મનુષ્યએ સુખી તથા આનંદથી રહેવું હોય તો શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે જીવન જીવવું પડે છે. સંસારમાં સંસારી વ્યકિતત જ સુખી રહી શકે છે કારણ કે તેના ઉપર સમાજ તથા ઇ   રની કૃપા હોય છે. એટલા માટે પરિણયના લાભોમાં આ બાબતો મુખ્ય છે.

પરિણયનો મુખ્ય લાભ એ છે કે પુરુષને એક સાચો અને નિસ્વાર્થ સાથ પ્રાપ્ત થાય છે. તેનાથી મનુષ્ય ગમે તેવા પડકારોને સહન કરી શકે છે. પતિ–પત્ની ગૃહસ્થરૂપી ગાડી છે. જીવનમાં બન્નેનું ખૂબ જ મહત્વ છે. પત્નીનો સૌથી પહેલો અને મુખ્ય ધર્મ છે પોતાના પતિને બધી જ રીતે સંતાોષ આપવો. તથા પતિની સહ ધર્મિણી બનીને તેની સુખ સુવિધાની વ્યવસ્થા કરવી. પત્નીનો સૌથી મહાન ધર્મ છે પતિના સુખદુઃખમાં સહભાગી થવું. જો પત્ની શ્રેષ્ઠ તથા સર્વગુણ સંપન્ન પ્રાપ્ત થાય તો તે મનુષ્યનુ ઘણુંબધું સુખ પ્રદાન કરી શકે છે.

પરિણય સંસ્કાર દ્વારા મનુષ્યને માનસિક શાંતિ પ્રદાન થાય છે. અનુકૂળ પત્ની પુરુષના ભાગ્યને ઉજાગર કરી શકે છે. તે ઉપરાંત પતિને શારિરીક, માનસિક અને બૌદ્ધિક સુખ પ્રાપ્ત થાય છે. પત્ની દુઃખમાં તથા સુખમાં પડછાયાની જેમ સાથે આવે છે. પતિની સેવા કરવી એ પત્નીનો ધર્મ છે. પતિ ગુણવાન હોય, ગુણવિહીન હોય, વૃદ્ધ હોય, યુવાન હોય, રોગી હોય પરંતુ તે પત્ની માટે પૂજ  જ છે. સ્ત્રીનું પૂર્ણ સમર્પણ જ આદર્શ પતિવ્રતા નારીની સાર્થકતા છે. પત્ની પતિને માટે મિત્ર, સચિવ, પ્રિયા અને સહ–ધર્મિણી છે. પત્નીએ હંમેશા પતિ પ્રત્યે સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરવો જોઇએ. પતિ જો પત્નીનું અપમાન કરે છતા પણ પત્નીએ પોતાના પતિ પ્રત્યે વિપરીત આચરણ કરવું ન જોઇએ.[૫૬]

ભારતીય સાહિત્યમાં પરિણયના અસંખ્ય લાભો દર્શાવ્યા છે. પરિણયનો લાભ છે પતિ–પત્ની એકબીજા પ્રત્યે વચનબદ્ધ બને છે. પત્ની પતિની અર્ધાંગિની છે. પતિના સુખદુઃખમાં તેનો અર્ધો ભાગ છે. પોતાના પતિ પર આવનાર આપત્તિને પહેલા પત્ની સહન કરે છે અને પછી સ્ત્રી. સ્ત્રી પુરુષની કેવળ ધર્મચારિણી નહીં પરંતુ સહાયિકા, મિત્ર, માર્ગદર્શક અને સચિવ છે. નારીનું દાયિત્વ પતિ કરતાં જરા પણ ઓછું નથી. નારીનાં ઘણાં રૂપો હોય છે. માતૃરૂપ, ગૃહિણીરૂપ તથા પત્નીરૂપ આ બધા જ રૂપોને તે સારી રીતે નિભાવે છે. આ આદર્શ નારી, આદર્શ સ્ત્રી અને આદર્શ પતિવ્રતા પત્નીનું ઉદાહરણ છે.

આદર્શ પત્ની જ પુરુ     ના ભાગ્યને ઉપર લાવી શકે છે. જો સ્ત્રી ધારે તો પોતાના  ારા પુરુ  ના ઘરમાં સ્વર્ગ લાવી શકે છે.  આનાથી વધારે પરિણયનો લાભ શું હોય શકે. સ્ત્રીએ હંમેશા પોતાના સદ્વર્તન દ્વારા પતિને અનુકૂળ રહેવાનું હોય છે. પતિની સેવા કરવામાં તેને પરમ સૌભાગ્ય લાગવું જોઇએ. પતિ ભલે ગમે તેવો હોય પરંતુ સ્ત્રીએ ક ારેય પતિની પ્રતિકૂલ આચરણ કરવું નહીં. ગૃહકાર્યોનું સંપાદન કરવું તે તેનું મુખ્ય ધ્યેય હોવું જોઇએ. સ્ત્રીએ પોતાના પતિના પરિવાર સાથે સ્નેહ બંધનથી બંધાવાનું છે. પતિના બધા જ આત્મિયજનોને અપનાવવાના છે. આમ આદર્શ ગૃહિણી પતિનો સાચો સહારો બને છે. પત્ની જ પતિના ભાગ્યની વિધાતા છે. પત્ની જો ગુણવાન અને શીલવાન હોય તો તે પોતાના પતિને પૃથ્વીલોકમાં પરમ સુખ અને શાંતિ અપાવે છે.

પરિણયનાં અન્ય લાભો એ પણ છે કે પુરુષ અલગ–અલગ પ્રકારની જવાબદારી નિભાવતો થઇ જાય છે. પુરુષનું નિયંત્રિત જીવન થઇ જાય છે. પુરુષ પોતાના કર્તવ્યો સહજતાથી નિભાવે છે. પત્નીની રક્ષા કરવી તે પુરુષની પ્રથમ ફરજ છે. ત્યારપછી પત્નીની દરેક પ્રકારની ઇચ્છાઓને તથા કામનાઓને પૂર્ણ કરવાની હોય છે. પુરુષે સ્ત્રીને પત્નીત્વ જ નહીં પરંતુ માતૃત્વનું ગૌરવ અપાવવાનું હોય છે. પુરુષે સ્ત્રીના પિતાના ઘરના સ્વજનો, પરિવારના લોકો પ્રત્યે સન્મન તથા સ્નેહની દષ્ટિ રાખવાની હોય છે.

પુરુષે પરિણય સંસ્કાર પછી પણ ઘણીબધી જવાબદારીઓ પોતાના માથા ઉપર લઇને ફરવાનું હોય છે. પરિણય પછી ઘરના બધા સ્વજનો તથા સગાવ્હાલાઓ પ્રત્યે સ્નેહ પ્રદર્શિત કરવાનો હોય છે.

પોતાના ગુરૂજનો પ્રત્યે આદરની ભાવના રાખવાની તથા ગુરૂજનોના પ્રતિકૂળ આચરણ છતા પણ તેના પ્રત્યે જરા પણ ક્રોધ ન કરવો. તથા પરિવારના બધા સભ્યોના ભરણપોષણની જવાબદારી ઉપાડવાની હોય છે. સમાજમાં પોતાની નામના બનાવવાની હોય છે તથા સમાજના દાયરામાં રહીને પોતાની ફરજો નિભાવવાની હોય છે. સમાજને જે જે માન્ય હોય તે બધુ તેણે પોતાના વર્તનમાં લાવવાનું હોય છે. આવા બધા પરિવર્તનો પુરુષમાં પરિણય સંસ્કાર પૂર્ણ થયા પછી આવે છે. આવા પરિવર્તનો સંસ્કારપૂર્ણ થયા પછી આવે છે. આવા પરિવર્તનો જો પુરુષમાં આવે તો તે પરિણયનો મોટામાં મોટો લાભ છે.

પરિણય સંસ્કાર જ મનુષ્યની સાચી ઓળખ છે. સમાજમાં તેને બધા સન્માનની દષ્ટિથી જૂએ છે. પરિણય સંસ્કાર થયા પછી સ્ત્રી અને પુરુષના જીવનમાં ખૂબ જ મોટું પરિવર્તન આવે છે. લગ્ન પહેલા તે ગમે તે જતી આવતી પરંતુ ત્યાં ત્યારપછી તે બધામાં નિયંત્રણ આવી જાય છે. જવાબદાર વ્યકિતતની જેમ તે વર્તવા લાગે છે. ઘરની બધી જ જવાબદારી તે સહજતાથી ઉપાડે છે. પોતાના કાર્ય પ્રત્યે તે હંમેશા સભાન અને સજાગ બને છે. નાની નાની જવાબદારીઓને સંભાળતી થઇ જાય છે. આવી બધી જ ક્રિયા પુરુષના જીવનમાં પણ જોવા મળે છે. પુરુષ પણ સ્ત્રીની જેમ નાની નાની જવાબદારીઓ નિભાવીને પોતાના કર્તવ્ય બાબતે સભાન બને છે.

દરેક મનુષ્યના જીવનમાં પરિણય પછી અમૂલ પરિવર્તન આવે છે. પુરુષ લગ્ન પહેલા પોતાના જીવનનું યોગ્ય મહત્વ સમજતો ન હોય પરંતુ પરિણય સંસ્કાર પછી તે મનુષ્ય જીવનનું મહત્વ સમજતો થઇ જાય છે. પરિણયનો મનુષ્યના જીવનમાં લાભ એ છે કે પોતાના કામ પ્રત્યે સભાન બને છે પહેલા તે કાર્ય કરે પણ પૂરતી કાળજી કે જવાબદારીથી ન કરે પરંતુ પછી તે પૂરી સભાનતા રાખીને કાર્ય પ્રત્યે સભાન બને છે. પરિણય સંસ્કારથી મનુષ્યના જીવનમાં પડકાર ઉઠાવવાની તાકાત આવી જાય છે. તે ગમે તેવા મુશ્કેલ કાર્યને પણ સરળતાથી પૂર્ણ કરે છે.

પરિણય સંસ્કારના અન્ય લાભોમાં સ્ત્રીના જીવનમાં સારું એવુ પરિવર્તન જોવા મળે છે. સ્વભાવ, બુદ્ધિ, શારીરિક રચના તથા બળ વગેરે બાબતોમાં સ્ત્રીને પુરુષ કરતા અલગ રીતે ઇ રે નિર્માણ કરી છે. પરિણય સંસ્કાર પછી હિન્દુ સ્ત્રી ઘરની રાણી બને છે. ઘરની વ્યવસ્થા તથા સફાઇ, રસોડાની વ્યવસ્થા કરવી, પાક તૈયાર કરવો, બાળકોનું લાલન પોષણ કરવું, તેના શિક્ષણની વ્યવસ્થા કરવી, બાળકોનું ચરિત્ર નિર્માણ કરવું, અન્ન વગેરેનો સંગ્રહ કરવો, આવક–જાવકનો હિસાબ રાખવો, પરિવારના બધા લોકોની કાળજી રાખવી તથા મુખ્ય કાર્ય પોતાના પતિ દેવની સેવા કરવી તે સ્ત્રીની મુખ્ય ફરજ છે. યોગ્ય સંતાન ઉત્પન્ન કરવો તથા વંશ વૃદ્ધિ કરીને કુળની રક્ષા કરવી. પોતાના પતિના ધાર્મિક કાર્યોમા સાથ આપવો તથા સ્વયં રીતે ધાર્મિક પ્રવૃતિઓ કરવી.

પુરુષ જેમ પરિણય સંસ્કાર પછી જવાબદારી નિભાવે છે તેમ સ્ત્રી પણ અમૂક પ્રકારની

જવાબદારી નિભાવતી થઇ જાય છે. પુરુષ કરતા સ્ત્રીની ફરજ તથા જવાબદારી વધારે હોય છે. સ્ત્રીએ પતિને જ પરમાત્માનું સ્વરૂપ માનવાનું હોય છે. તથા પતિવ્રતા ધર્મનું પાલન કરીને પોતાના પતિને જ ભગવાન માનવાના હોય છે. પતિ પ્રત્યેનો અનન્ય પ્રેમ વગેરે કાર્યો ધર્મશાસ્ત્રમાં બતાવ્યા છે. ત્યાગ અને પ્રેમ સ્ત્રીના પ્રધાન ગુણો છે. આ બધી બાબતો સ્ત્રીના જીવનમાં લગ્ન સંસ્કાર આવ્યા પછી જ આવે છે. ભકતત જેમ પોતાની જાતનું આત્મસમર્પણ ભગવાનને કરે છે તેમ સ્ત્રીએ પોતાના પતિ પ્રત્યે પોતાની આત્માનું સમર્પણ કરવાનું છે.[૫૭]

ભારતીય સ્ત્રી આદર્શ નારીનું પ્રતીક છે. ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન ખૂબ જ ંચુ છે. સ્ત્રી અને પુરુષની પ્રાકૃતિક રચના અલગ છે. પરિણય સંસ્કાર પછી તે બન્નેનું જીવન સ્થિર બને છે. તેના શરીર રચનામાં અમૂલ પરિવર્તન આવે છે. આ કુદરતની દેન છે. સ્ત્રી તથા પુરુષ પરસ્પરના પરિણય સંસ્કારનો મુખ્ય લાભ તે છે કે તેના જીવનમાં પુરુષત્વ તથા અદમ્ય ઉત્સાહ નિર્માણ થાય છે. તે બન્ને મળીને સમાજના પડકારોને સહન કરતા શીખે છે. ગમે થેવી પરિસ્થિતિમાં પણ સ્થિર રહે છે. તેનું જીવન સુખદુઃખ સહન કરવા માટે સક્ષમ બની જાય છે. આમ પરિણય સંસ્કાર મનુષ્યનું મન મજબૂત કરે છે. સમાજ, પરિવાર, કુટુંબ વગેરે પ્રત્યે તે સભાન બને છે અને અન્યને ઉપયોગી થવાની ભાવના રાખે છે. પરિણય સંસ્કારનો આ મોટામાં મોટા લાભ છે.

પરિણય સંસ્કારના અન્ય લાભોમાં પુરુષ પોતાના કર્તવ્યોથી મુકતત બને છે. પુરુષે જન્મ ધારણ કરીને પાંચ પ્રકારના ઋણમાંથી મુકતત થવાનું હોય છે. દેવોની પૂજા તથા યજ્ઞ કરીને દેવઋણ ચુકવાય છે. શ્રાદ્ધકર્મ કરીને પિતૃઋણમાંથી મુકતત થવાય છે. ઘરે આવેલા મહેમાનોની સેવા કરીને મનુષ્ય ઋણમાંથી મુકતત થવાય છે. ગુરૂના આશ્રમમાં રહીને વિદ્યાભ્યાસ કરીને ગુરૂઋણમાંથી મુકતત થવાય છે. તથા ઘરસંસાર માંડીને સંતાન ઉત્પન્ન કરીને પિતૃઋણમાંથી મુકતત થવાય છે. પુરુષ આ બધા ઋણોમાંથી ત્યારે જ મુકતત થઇ શકે છે ત્યારે જ ારે તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે. આ ભારતીય સંસ્કૃતિનીઆદર્શ કલ્પના છે. પ્રાચીન સ્મૃતિકારોએ કેટલી સુંદર વ્યવસ્થા નિર્માણ કરી છે જેનાથી પુરુષ પોતના કર્તવ્યોને પૂર્ણ કરી શકે.

પરિણય સંસ્કાર થયા પછી પુરુષને જેટલો લાભ થાય છે તેના કરતા સ્ત્રીને વધારે લાભ પ્રાપ્ત થાય છે. કન્યા પતિના ઘરે જઇને ગૃહિણી બને છે. સંતાન ઉત્પન્ન કરીને પતિના કુળના વંશને આગળ વધારવાનો હોય છે. પતિ–પત્નીનો સંબંધ શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. સંસારમાં અન્ય સંબંધો પણ હોય છે. છતાં પણ પતિ–પત્નીના સંબંધને વધારે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એટલા માટે સ્ત્રીને સ્મૃતિકારોએ જવાબદારી પણ વધારે આપી છે. સ્ત્રીએ સંતાન ઉત્પન્ન કરીને પ્રસન્ન થવાનું. દરેક બાબતોમાં સાવધાન રહીને કાર્યો પૂર્ણ કરવાના હોય છે. પોતાના પતિને અનુકૂળ રહીને જીવન પસાર કરવાનું હોય છે તથા વૃદ્ધાવસ્થા સુધી પોતાના પતિના ઘરમાં પોતાનું પ્રભુત્વ બનાવી રાખવાનું હોય છે.[૫૮]

સ્ત્રી જ ારે બાળવયમાં હોય ત્યારે તેના જીવનમાં એટલો ફેરબદલ આવતો નથી જ ારે તેના પરિણય સંસ્કાર થયા હોય ત્યારે આવે. સ્ત્રીના વિવાહ થયા પછી તેના અલગ અલગ રૂપ જોવા મળે છે. સ્ત્રીમાંના રૂપમાં પણ જોવા મળે છે. તેનું આધ્યાત્મિકરૂપ પણ હોય છે, કામજન્યરૂપ પણ હોય છે. તેનું માયાળુરૂપ પણ હોય છે, તે પત્નીરૂપે પણ આપણી સમક્ષ પ્રગટ થાય છે. તથા તેનું દાસીરૂપ પણ જોવા મળે છે.૫૯ નારીના બધા જ રૂપોમાં માતાનું રૂપ શ્રેષ્ઠ છે. નારી હંમેશા પૂજનીય રહી છે. સ્ત્રી હંમેશા સારા સંતાનની કામના કરે છે. સ્ત્રી પોતાના જીવનની સાર્થકતા સંતાનપ્રાપ્તિમાં જ સમજે છે. તથા પોતાના પુત્રના ઉજજવળ ભવિષ્ય માટે તે ગમે તે કરવા માટે તૈયાર રહે છે. સ્ત્રીના જીવનમાં વિવાહ સંસ્કાર પછી આવા પ્રકારના પરિવર્તનો થાય છે. આ પરિણયનો મોટામાં મોટો લાભ છે.

**૨. પરિણયના ગેરલાભો :**

પરિણય સંસ્કાર મનુષ્ય જીવનનો મહત્વનો સંસ્કાર છે. પરિણય સંસ્કાર દ્વાર મનુષ્યના જીવનની કિંમત થાય છે. પરિણય સંસ્કારથી મનુષ્યનું જીવન દિપી ઠે છે. મનુષ્યની સમાજમાં કિંમત થાય છે. આપણાં સ્મૃતિકારોને સમાજવ્યવસ્થા જળવાઈ રહે તથા તેનું સંચાલન તેની મેળે થતું રહે તે માટે થઈને લગ્ન સંસ્થાનું નિર્માણ કર્યું છે. લગ્નના પરિણામો સારા જ હોય છે.ીતાં પણ તેમાં લાભ–ગેરલાભ થતા રહે છે. જો લોકો લગ્નને ફકતત ફરજ જ સમજે તથા તેની પાછળ રહેલા હાર્દને ન સમજે તો લગ્ન તેના માટે નુકશાનકારક છે. પરિણયની પાછળ સ્મૃતિકારોનો દિવ્ય ભાવ રહેલો છે. જો તે ભાવને સમજવામાં ન આવે તો પરિણય બોજારૂપ લાગે છે.

પરિણય સંસ્કાર પછી હંમેશા મનુષ્યના જીવન માટે ઉપયોગી જ છે. પરંતુ જો મનુષ્ય પરિણયની ફરજો ન બજાવે તથા ફકતત મોજ–મજા, મનોરંજા તથા ભોગવિલાસ માટે જ સમજે તો તે લાંબે ગાળે નુકશાનકારક નિવડે છે. લગ્ન એક અતૂટ બંધન છે. તેમાં પતિ અને પત્નીનો ગાઢ સંબંધ જોડાયેલો હોય છે. પરિણયના અમુક નિયમો હોય છે જો તે નિયમોનું પાલન કરવામાં ન આવે તો લગ્ન બોજ બને છે. પરિણયના ગેરલાભ હોતા જ નથી. જો પરિણય સંસ્કાર થયા પછી તે આડઅસરરૂપ નિવડતા હોય તો આપણાં સમજૂ સ્મૃતિકારો લગ્ન સંસ્થાનું નિર્માણ જ ન કરત લગ્ન તો માનવજીવનનું ઉચ્ચ અને દિશાદર્શક પગલું છે. તેનાથી જ મનુષ્યનો વિકાસ શકતય છે. આમ દરેક પુરુષે પરિણય સંસ્કારને અપનાવવો જોઈએ.

ભારત દેશ તેની વિવિધતાને કારણે વિ માં તે પોતાની પ્રતિષ્ઠા ઉભી કરી શકતયો છે. ભારત દેશને એકથી એક મહાન વિચારકો મળ્યા છે અને તે વિચારકોએ ભારતદેશને સમૃદ્ધ બનાવ્યુ છે. દિવ્ય અને પ્રભાવશાળી સમાજવ્યવસ્થા આપીને સમાજનું તેમણે નિયમન કર્યું છે. ભારતીય લોકોનું જીવન દિવ્ય અને સુખી સમ્પન્ન બને એટલે માટે વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. મનુષ્યના જીવનમાં સતત પ્રેરણાં

આપતા રહે તેટલા માટે સોળ સંસ્કાર આપ્યા છે. આ સોળ સંસ્કાર જન્મથી લઈને મૃત્યુ સુધીમાં કરવામાં આવે છે. એકથી એક સંસ્કાર દિવ્ય છે તથા મનુષ્યના પથદર્શક છે. તે સોળ સંસ્કારમાં સૌથી મહાન લગ્ન સંસ્કાર છે. આ સંસ્કારથી મનુષ્યનું જીવન સોળે કળાએ ખીલે છે. લગ્ન સંસ્કારથી જ મનુષ્ય અમરત્વને પ્રાપ્ત કરે છે. એટલાં માટે પરિણય સંસ્કાર દરેક મનુષ્યને માટે જરૂરી છે.

## પ્રકરણ–૪, પરિણય

## પાદટીપ

01. વાલ્મીકિ રામાયણ દર્શન – સત્ વિચાર દર્શન પૃ. ૪૭

02. સંસ્કૃતિ–ચિંતન – સત વિચાર દર્શન પ.૮૩

03. अविप्लुतब्रह्मचर्यो लक्षण्यां स्त्रियमुद्धहेत् ।
अनन्यपूर्विकां कान्तामसपिण्डां यवीयसीम् ।। – યાજ્ઞવલ્કય સ્મૃતિ – પ્રકરણ–૩.૫૨

04. असपिण्डा च या मातुरसगोत्रा च या पितुः ।
सा प्रशस्ता द्विजातीनां द्वारकर्मणि मैथूने ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૫

05. अव्यङ्गङ्गो सौम्यनाम्नीं हंसवारणगामिनीम् ।
तनुलोमकेशदशनां मृद्वङ्गोमुद्वहेत् स्त्रियम् ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૧૦

06. યજ્ઞવલ્કયસ્મૃતિ – શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી પૃ.૧૯

07. લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધ – ડૉ. અનિલ એસ. વાઘેલા પૃ. ૩૦/૩૧

08. વહિ. – પૃ.૩૧

09. આદિવાસી સમાજનું સમાજશાસ્ત્ર – જે. કે. દવે, પૃ.૨૯

10. લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધ – ડૉ. અનિલ એસ. વાઘેલા પૃ. ૩૪

11. ब्राह्मो दैवस्तयैवार्षः प्राजापत्यस्तयाऽसुरः ।
गान्धोर्वो राक्षसश्चैव पैशाचश्चाष्हमोऽधमः ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૨૧

12. आच्छाद्य चार्चायित्वा च श्रुतिशीलवते स्वयम् ।
आहूय दानं कन्याया ब्राह्मो धर्मः प्रकीर्तितः ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૨૭

13. यज्ञै तु वितते सम्यगृत्विजे कर्म कुवैते ।
अलंकृत्य सुतादानं दैव धर्मं प्रचक्षते ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૨૮

14. एकं गोमिथुनं द्वे वा वरादादाय धर्मतः ।
कन्याप्रदानं विविवदार्षो धर्मः स उच्यते ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૨૯

15. सहो भौ चरतां धर्ममिति वाचाऽनुभाष्य च ।
कन्गाप्रदानमभ्यर्च्य प्राजापत्यो विधिः स्मृतः ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૩૦

16. ज्ञातिभ्यो द्रविणं दत्वा कन्यार्य चैव शक्तितः ।
कन्याप्रदानं स्वाच्छन्द्यादसुरो धर्म उच्यते ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૩૧

17. इच्छयाऽन्योन्यसंयोगः कन्यायाश्च वरस्थ च ।
गान्धर्वः स तु विज्ञेयो मैथुन्यः कामसंभवः ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૩૨

18. इत्व छित्वा च भित्वा च क्रोशन्ती रूदतीं गृहात् ।
पसह्य कन्याहरणं राक्षसो विधिरूच्यते ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૩૩

19. सुप्तां मतां ममत्तां वा रहो यत्रोपगच्छति ।
स पापिष्ठो विवाहानां पैशाचश्चाष्टमोऽधमः ।।

20. સંસ્કૃતિ ચિંતન – સત્ વિચાર દર્શન પૃ.૮૪–૮૫

21. વહિ. – પૃ.૯૧–૯૨

22. મનુસ્મૃતિ – હરેન્દ્ર શુકતલ, પૃ. ૪૨–૪૩

23. अव्यङ्गि सौम्यनाम्नीं हंसवारणगामिनीम् ।
तनुलोमकेशदशनां मृद्वङ्गीमुद्वहेत् स्त्रियम् ।।: – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૧૦

24. સંસ્કૃતિ ચિંતન – સત્ વિચાર દર્શન પૃ.૧૦૨–૧૦૩

25. तस्मादेताः सदा पूज्या भूषणाच्छादनाशनैः ।
भूतिकामैरेर्निच्यं सत्कारेषूत्सवेषु च ।। – મનુસ્મૃતિ અધ્યાય – ૩.૫૯

26. સંસ્કૃતિ ચિંતન – સત્ વિચાર દર્શન પૃ.૧૦૭

27. न जातु कामः कामानामुपभोग्येन शाम्पति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ।। મનુસ્મૃતિ અધ્યાય – ૨.૯૪

28. સંસ્કૃતિ ચિંતન – સત્ વિચાર દર્શન પૃ.૧૧૯

29. बलं बलवतां चाहं कामरागविवर्जितम् ।
धर्माविरूद्धो भूतेषु कामोऽस्मि भरतवर्षम् ।। શ્રીમદ્ભગવદ્ગીતા અધ્યા.૭.૧૧

30. લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધ – ડૉ. અનિલ એસ. વાઘેલા પૃ. ૩૨

31. મનુસ્મૃતિ – શાસ્ત્રી ગિરજાશંકર મયાશંકર, પૃ.૧૩૬

32. લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધ – ડૉ. અનિલ એસ. વાઘેલા પૃ. ૩૬–૩૭

33. વહિ. – પૃ.–૩૯

34. વહિ. પૃ.–૪૧

35. ॐ एकमिषे विष्णुस्त्वानयतु ।

36. ॐ द्वे उर्जे एजन - ७२/५

37. ॐ त्रिणी शयस्पोषाय विष्णुस्त्वानयतु ।

38. ॐ चत्वारि मायोभवाय विष्णुस्त्वानयतु ।

39. ॐ पंच पशुभ्यो विष्णुस्त्वानयतु ।
40. ॐ षड् ऋतुभ्यो विष्णुस्त्वानयतु ।
41. ॐ सखे सप्तपदा भव सा मामनुवृता भव
42. त्वयो मेडखिलसौभाग्यं पुण्यैस्त्वं विविधैः कृतै ।
देवैः संपादितो मह्यं वधूराधे पदेऽब्रवीत् ।। સપ્તપદી મંત્ર
43. कुटुम्बं पालयिष्यामि ह्यवृद्धजालकादिकम् ।
यथालब्धेन संतुष्टन ब्रूते कन्या द्वितीयके ।। સપ્તપદી મંત્ર
44. मिष्टान्नव्यंजनादिनी काले संपादये तव ।
आज्ञासंपादिनी नित्यं तृतीये साऽब्रवीद्वरम् ।। સપ્તપદી મંત્ર
45. शुचिः शृंगारभूषाऽहं वाऽमनः कायकर्मभिः ।
कीडिष्यामि त्वया सार्धतुरीये साऽब्रवीदिदम् ।। સપ્તપદી મંત્ર
46. दुःखे धीरा सुखे इष्य सुखदुःखविभागिनी ।
नाहं परतरं गच्छे पंचमे साऽब्रवीत्पतिम् ।। સપ્તપદી મંત્ર
47. सुखेन सर्वकमाणि करिष्यामि गृहे तव ।
सर्वा श्वशुरयोश्वपि बन्धूनां सत्कृतं तथा ।।
यत्र त्वं वा ह्यहं तत्र नाहं वंचे प्रियं कवचित् ।
नाहं प्रियेण वाच्चाऽस्मि कन्या षष्ठे पदेऽब्रवीत् સપ્તપદી મંત્ર
48. होमयज्ञादिकार्येषु भवामि च सहायकृत ।
धर्मार्थकामकार्येषु मनोवृत्तानुसारिणी ।।
सर्वे च साक्षिणस्त्वं मे पतिभूतोऽसि सांप्रतम् ।
देहो मायाऽर्पितस्तुभ्यं सप्तमे साऽब्रवीद्वरम् ।। સપ્તપદી મંત્ર
49. हिन्दु विवाह की उत्पत्ति और विकास – डो. कृष्णदेव उपाध्याय पृ.२९
50. चतुर्थमायुषो भागं वसित्वाद्यं गुरोः कुले ।
द्वितीयमायुषो भागं कृतदारो गृहे वसेत् ।।
वनेषु च विहत्यैवं तृतीयं भागमायुषः ।
चतुर्थमायुषो भागं त्यकत्वा संगान्परिव्रजेत्
51. पत्नी धर्मार्थकामानां कारणं प्रवहं स्मृतम् ।
अपत्नीकी नरो भूप ! कर्मयोग्यो न जायते ।।
ब्राह्मणः क्षत्रियो वाऽपि वैश्यः शुद्रोऽपि वा नृप । – યાજ્ઞવલ્કયસ્મૃતિ

52. લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધ – ડૉ. અનિલ એસ. વાઘેલા પૃ. ૪૩

53. ऋग्वेद – વૈદિક શોધ સંસ્થાન

54. गृभ्णामि ते सौभागत्वाय हस्तं, मया पत्या जरदृष्टियंथासः
भगो अर्यमा सविता पुरंधिर्मह्यं त्वादुर्गार्हपत्याच देवाः ।। – ऋग्वेद – १०/८५/३६

55. त्वमर्यमा भवति यत् कनीनां नाम स्वधावन् गृह्य विभर्षि ।
अंजन्ति मित्रं सुधितं न गोभिर्यद् दम्पती समनसा कृणोषि ।। – ऋग्वेद ५/३/२

56. वाल्मीकि रामायण में गृहस्थ जीवन – डॉ. देव नारायण यादव – पृ.–४२

57. प्राचीन भारतीय साहित्य में नारी – डॉ. श्याम बिहारी पाठक – पृ.– १०६

58. वाल्मीकि रामायण में गृहस्थ जीवन – डॉ. देव नारायण यादव – पृ.–६७

59. સાહિત્ય મેં નારી દર્શન – डॉ. स्कन्ध जी. पाठक – पृ.–६०